dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year - 08 | Issue- 167 | AD - 2025, Fagan Vad-09 | Sunday, Dt.23-03-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### ચેન્નાઈમાં યોજાયેલી બેઠકમાં વિપક્ષી નેતાઓનું તમિલનાડુના મુખ્યમંત્રીએ સ્વાગત કર્યું

## સીમાંકનની વિરૂધ્ધમાં નહી, વ્યાજબી સીમાંકનની તરફેણમાં છીએ : મુખ્યમંત્રી સ્ટાલિન

ચેન્નાઈ,તા.૨૨

તમિલનાડુના મુખ્યમંત્રીએ ચેન્નાઈમાં સીમાંકન પર સંયુક્ત કાર્યવાહી સમિતિની બેઠક પહેલા ઘણા અગ્રણી વિપક્ષી નેતાઓનું સ્વાગત કર્યું હતું. આ બેઠકમાં દક્ષિણ ભારતના અગ્રણી રાજકીય હસ્તીઓએ ભાગ લીધો હતો. ચર્ચા પહેલા, સ્ટાલિને કેરળના મુખ્યમંત્રી પિનરાઈ વિજયન, તેલંગાણાના મુખ્યમંત્રી રેવંત રેડ્ડી, પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન, કર્ણાટકના નાયબ મુખ્યમંત્રી ડીકે શિવકુમાર અને બીઆરએસ નેતા કેટી રામા રાવનું સ્વાગત કર્યું હતું. તમને જણાવી દઈએ કે મુખ્યત્વે દક્ષિણ ભારતના રાજ્યો સીમાંકનના મુદ્દા પર પોતાની ચિંતા વ્યક્ત કરી રહ્યા છે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી અને તૃણમૂલ કોંગ્રેસના નેતા મમતા બેનર્જીએ અગાઉની પ્રતિબદ્ધતાઓને ટાંકીને બેઠકમાં હાજરી આપી ન હતી. જોકે, સત્ર દરમિયાન તેમનો ટેકો વ્યક્ત કરતો પત્ર વાંચી સંભળાવવામાં આવ્યો હતો. ઓડિશાના બીજુ જનતા દળ, ભારતીય કોમ્યુનિસ્ટ પાર્ટી, ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગ અને કેટલાક અન્ય પ્રાદેશિક પક્ષોના પ્રતિનિધિઓએ પણ બેઠકમાં હાજરી આપી હતી. આંધ્રપ્રદેશના એનડીએ સાથી પક્ષ પવન કલ્યાણના નેતૃત્વ હેઠળની જનસેના પાર્ટીએ કોઈ પ્રતિનિધિ



મોકલ્યો ન હતો. સત્રની શરૂઆત તમિલનાડુના મુખ્યમંત્રી ઉદયનિધિ સ્ટાલિન દ્વારા સભાના મહત્વ પર સંબોધન સાથે થઈ હતી. સીમાંકન એ વસ્તી ફેરફારો અનુસાર સંસદીય અને વિધાનસભા મતવિસ્તારોને ફરીથી વ્યાખ્યાયિત કરવાની પ્રક્રિયા છે. આનો ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો છે કે દરેક મતવિસ્તારમાં લગભગ સમાન સંખ્યામાં લોકો રહે. બીજા શબ્દોમાં કહીએ તો, મર્યાદા સીધી કદ સાથે જોડાયેલી છે. ઓછી વસ્તી ધરાવતા રાજ્યો કરતાં મોટી વસ્તી ધરાવતા રાજ્યોને સંસદમાં વધુ પ્રતિનિધિઓ મળે છે. ઘણા દક્ષિણ રાજ્યોની ચિંતા એ છે કે ઉત્તર ભારતના વધુ વસ્તીવાળા રાજ્યોને સીમાંકનમાં વધુ બેઠકો મળશે, જેના કારણે સંસદમાં તેમનું પ્રતિનિધિત્વ ઘટશે. બેઠકની અધ્યક્ષતા કરતા, એમ.કે. સ્ટાલિને કહ્યું કે હું કેરળ, કર્ણાટક, આંધ્રપ્રદેશ, તેલંગાણા, ઓડિશા, પશ્ચિમ બંગાળ અને પંજાબના નેતાઓનું હૃદયપૂર્વક સ્વાગત કરું છું જેઓ વાજબી સીમાંકન પર સંયુક્ત કાર્ય સમિતિની બેઠકમાં અમારી સાથે જોડાઈ રહ્યા છે. સ્ટાલિને કહ્યું કે અમે સીમાંકનની વિરુદ્ધ નથી, અમે વાજબી સીમાંકનના પક્ષમાં છીએ. સત્તા સ્થાપિત કરવા માટે સતત કાર્યવાહી ખૂબ જ મહત્વપૂર્ણ છે. મુખ્યમંત્રી સ્ટાલિને ડીએમકેના નેતૃત્વમાં યોજાયેલી સર્વપક્ષીય બેઠકને એક ઐતિહાસિક ક્ષણ ગણાવી જેમાં ૫૮ પક્ષોએ એક જ મુદ્દા માટે મતભેદોને બાજુ પર રાખીને ભાગ લીધો હતો. તેમણે કહ્યું કે આ સર્વસંમતિ લોકશાહી અને ન્યાય પ્રત્યે તમિલનાડુની અતૂટ પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

## ઉત્તરપ્રદેશમાં ભાજપ નેતાએ પોતાની પત્ની અને ત્રણ બાળકોને ગોળી મારી, બેના મોત

સહારનપુર,તા.૨૨

ઉત્તર પ્રદેશના સહારનપુરમાંથી એક સનસનીખેજ ઘટના સામે આવી છે. અહીં ભાજપના નેતાએ પોતાની પત્ની અને ત્રણ બાળકોને ગોળી મારી દીધી હતી. આ ઘટનામાં બે બાળકોના ઘટનાસ્થળ પર જ મોત થઈ ગયા હતા, જ્યારે પત્ની અને એક બાળક ગંભીર રીતે ઘાયલ થયા છે. સૂચના મળતાં જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને બધાને હોસ્પિટલ લઈ ગઈ, જ્યાં ડોક્ટરો દ્વારા મૃત જાહેર કર્યા બાદ પોલીસે બંને બાળકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી



આપ્યા હતા. બીજી તરફ પોલીસની દેખરેખ હેઠળ ભાજપ નેતાની પત્ની અને એક બાળકની સારવાર કરવામાં આવી રહી છે. પોલીસે આરોપી ભાજપ નેતાની ધરપકડ કરી લીધી છે. આરોપી ભાજપ નેતાની ઓળખ યોગેશ રોહિલા તરીકે થઈ છે, જેઓ સહારનપુર જિલ્લા કારોબારીના સભ્ય છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે તેઓ લાંબા સમયથી માનસિક રીતે બીમાર હતા. જોકે, હજુ સુધી પોલીસ દ્વારા આ ઘટનાનું કોઈ નક્કર કારણ આપવામાં નથી આવ્યું. પોલીસે જણાવ્યું કે, સહારનપુરના ગંગોહ વિસ્તારના સંગાથેડા ગામના નિવાસી ભાજપ નેતા દ્વારા આ ઘટનાના સમાચારથી સમગ્ર જિલ્લામાં ખળભળાટ મચી ગયો છે.

## હરિયાણાના કુરૂક્ષેત્રમાં મહાયજ્ઞમાં હાજરી આપવા આવેલા બ્રાહ્મણો પર ફાયરિંગ

કુરૂક્ષેત્ર,તા.૨૨

હરિયાણાના કુરુક્ષેત્રમાં મહાયજ્ઞમાં હાજરી આપવા આવેલા બ્રાહ્મણો પર આયોજકોના સુરક્ષા ગાર્ડ્સે ફાયરિંગ કર્યુ હતું. જેમાં લખનૌથી આવેલા બ્રાહ્મણ આશિષ તિવારીને ગોળી વાગી હતી. આનાથી બ્રાહ્મણો રોષે ભરાયા હતા. આ પછી, તેમનો આયોજકો સાથે ઝઘડો થયો હતો. આમાં અત્યાર સુધીમાં ૨ બ્રાહ્મણો ઘાયલ થયા છે.



આ પછી બ્રાહ્મણો યજ્ઞશાળામાંથી બહાર આવ્યા અને તોડફોડ અને પથ્થરમારો શરૂ કર્યો. રોષે ભરાયેલા બ્રાહ્મણોએ મહાયજ્ઞની યજ્ઞશાળાનો મુખ્ય દરવાજો તોડી નાખ્યો હતો. રસ્તા પરના બેનરો અને હોર્ડિંગ્સ પણ લાકડીઓ અને પથ્થરોથી ફાડી નાખવામાં આવ્યા હતા. પછી તેઓએ થીમ પાર્કની બહાર કુરુક્ષેત્ર-કૈથલ રોડ બ્લોક કરી દીધો હતો. તેઓએ ત્યાંથી પસાર થતા વાહનોને બળજબરીથી રોકવાનું શરૂ કર્યું હતું. પથ્થરમારાની માહિતી મળતા જ કુરુક્ષેત્ર પોલીસ ત્યાં પહોંચી ગઈ અને બ્રાહ્મણોને શાંત પાડવાનો પ્રયાસ કર્યો. જ્યારે તેઓ માન્યા નહીં, ત્યારે પોલીસે હળવો લાઠીચાર્જ કર્યો અને બ્રાહ્મણોને ત્યાંથી દૂર કર્યા હતા. જોકે, બ્રાહ્મણો રસ્તો રોકીને બેઠા હતા.




# દુઃખદ અવસાન - બેસણું

જીવન એવું જીવી ગયા કે જીવનારા જોયા કરે, કર્મ સદા એવા સૌ યાદ કર્યા કરે,
ધર્મ કદી ભૂલ્યા નહી, વ્યવહાર કદી ચૂકયા નહી, સુખ દુઃખમાં સદા હસતા રહયા
આપની હયાતી અમારા સૌ માટે પ્રેરણા હતી, આપનો ધર્મ પ્રિય પરોપકારી અને
માયાળું સ્વભાવ હંમેશા અમારા જીવનમાં યાદોની સંજીવની બની રહેશે.
ભગવાન આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.......

## ગૌ.વા. ચતુરભાઈ ડુંગરભાઈ બોરડ

ગૌ.વા. તારીખ : ૨૧-૩-૨૦૨૫, (ઉ.વ.૭૫) ગામ : મોટા માંડવડા

| બેસણું | | | |
|---|---|---|---|
| | મોટા માંડવડા | તારીખ : ૨૪-૩-૨૦૨૫ સોમવાર | સમય : સવારે ૮-૦૦ થી સાંજના ૬-૦૦ કલાક સુધી, સ્થળ : નિવાસ સ્થાન, મોટા માંડવડા, તા.જિ. અમરેલી |
| | વડોદરા | તારીખ : ૨૭-૩-૨૦૨૫ ગુરૂવાર | સમય : સાંજના ૪-૦૦ થી ૬-૦૦ કલાક સુધી, સ્થળ : લાયન્સ કોમ્યુનિટી હોલ, નવી કોર્ટ બિલ્ડિંગ પાછળ, ગદાપુરા-જૂના પાદરા રોડ, વડોદરા |

લી.
ગં.સ્વ. કમળાબેન ચતુરભાઈ બોરડ

ઘનશ્યામભાઈ સી. બોરડ
મનોજભાઈ સી.બોરડ
દ્વારકેશકુમાર એચ. બાંભરોલીયા

પારૂલબેન જી.બોરડ
દિશાબેન એમ.બોરડ
દિવ્યાબેન ડી.બાંભરોલીયા
નંદીશ ઘનશ્યામભાઈ બોરડ

પાર્થકુમાર એન. ધુલેશીયા
પાર્થીલભાઈ ડી.બાંભરોલીયા
આર્યન ડી.બાંભરોલીયા
પુર્વ મનોજભાઈ બોરડ

ડો.ગ્રેનાબેન પી.ધુલેશીયા
ડો.પલક પી.બાંભરોલીયા
રૂહા પાર્થકુમાર ધુલેશીયા

પુનાભાઈ ડી. બોરડ
રમેશભાઈ ડી. બોરડ
અશોકભાઈ ડી. બોરડ
પ્રફુલભાઈ બી. બોરડ
નરેશભાઈ બી. બોરડ
ભરતભાઈ પી. બોરડ
ગીરીશભાઈ પી. બોરડ
સુરેશભાઈ આર. બોરડ
અરૂણભાઈ આર. બોરડ
મનીષભાઈ આર. બોરડ
અંકિતભાઈ એ. બોરડ
ગીતાબેન એમ. કોલડીયા
પ્રિયંકાબેન એ. કુકડીયા
લીલીબેન જી. પાનસુરીયા

બાબુભાઈ જી. બોરડ
ભગવાનભાઈ આર. બોરડ
બાલુભાઈ જી. બોરડ
પોલાભાઈ આર. બોરડ
ધીરૂભાઈ આર. બોરડ
રવજીભાઈ જી. બોરડ
પરષોતમભાઈ આર. બોરડ
મધુભાઈ આર. બોરડ
હિમતભાઈ જી. બોરડ
વીનુભાઈ આર. બોરડ
ભાનુભાઈ આર. બોરડ
મહેશભાઈ બી. બોરડ
પ્રવિણભાઈ એસ. બોરડ
હંસાબેન સી. ભુવા

બાવાલાલ બી. મોવલીયા
કિશોરભાઈ બી. મોવલીયા
શૈલેષભાઈ જી. મોવલીયા
નીલેશભાઈ જી. મોવલીયા
વસંતભાઈ બી. મોવલીયા
રાકેશભાઈ કે. મોવલીયા
ડો. આનંદ કે. મોવલીયા
જલ્પેશભાઈ બી. મોવલીયા
મનસુખભાઈ એલ. કસવાળા
નીતેશભાઈ એમ. કસવાળા
જગદીશભાઈ એમ. કસવાળા
અનસુયાબેન એસ. નાકરાણી
વર્ષીલભાઈ વી. મોવલીયા
કંચનબેન એન. કસવાળા

પાંચાભાઈ એમ. મોવલીયા
જયસુખભાઈ બી. જીયાણી
સુરેશભાઈ બી. જીયાણી
અનીલભાઈ બી. જીયાણી
મહેશભાઈ સી. ભુવા
જીગરભાઈ વી. ભુવા
હંસુબેન એસ. સતાસીયા
લક્ષ્મીબેન એચ. કસવાળા
ખુશબુબેન આર. રામાણી
હિરલબેન જી. ગજેરા
રશ્મીબેન સી. બાંભરોલીયા
નેન્સીબેન એ. ભંડેરી
જીલબેન એમ. રામાણી
ધ્રુવીલભાઈ વી. મોવલીયા

સમસ્ત બોરડ પરિવાર

# ઘાંડલાથી દોલતી નદી પર રૂ. ૮૦ લાખના ખર્ચે વેન્ટિલેટેડ કોઝ-વેનું ધારાસભ્ય મહેશ કસવાલાના હસ્તે ખાતમુહૂર્ત

સાવરકુંડલા, તા.૨૨

ઘાંડલા ગામના વિકાસને નવી દિશા આપતા ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ ઘાંડલાથી દોલતી-ભાક્ષી જામવાળી નદી પર રૂ. ૮૦ લાખના ખર્ચે તૈયાર થનાર વેન્ટિલેટેડ કોઝ-વેનું ભૂમિપૂજન કર્યું હતું. આ નવી સુવિધાથી ગામલોકોને રાહત મળશે અને આજુબાજુના વિસ્તારોમાં નવા રસ્તા ખુલશે. વેન્ટિલેટેડ કોઝ-વેના



નિર્માણથી ઘાંડલા અને આસપાસના ગામોના લોકોને અવરજવરમાં મોટી રાહત મળશે. ચોમાસા દરમિયાન નદીમાં પાણી ભરાઈ જવાને કારણે લોકોને પડતી મુશ્કેલીઓનો અંત આવશે. ભૂમિપૂજન સમારોહમાં જીતુભાઈ કાછડિયા, હિતેશભાઈ ખાત્રાણી, દિપકભાઈ માલાણી, લાલભાઈ મોર અને શરદભાઈ ગૌદાણી સહિત અનેક આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ગ્રામજનોએ આ વિકાસ કાર્ય બદલ ધારાસભ્ય કસવાલાનો આભાર માન્યો હતો.

# ધારીના દહિંડા ગામમાં થતા કામમાં લોલમલોલ, સરકારના નાણાનો વ્યય

**જાગૃત નાગરિક દ્વારા તાલુકા વિકાસ અધિકારીને રજૂઆત**

ચલાલા,તા.૨૨

ધારી તાલુકાના દહિંડા ગામમાં ગ્રામ પંચાયત દ્વારા થઈ રહેલા કામોમાં એસ્ટીમેન્ટ મુજબ કામ નહિ કરી નબળી કક્ષાનું મટીરિયલ્સ



વાપરી કામોમાં ભારે ગેરરીતિ થતી હોવાની દહિંડા ગામના જાગૃત નાગરિક જયરાજભાઈ ગોરખભાઈ વાળાએ તાલુકા વિકાસ અધિકારીને લેખીત રજૂઆત કરેલ છે. વધુમાં જયરાજભાઈએ લેખીત રજૂઆતમાં જણાવેલ છે કે દહિંડા ગામમાં સરકારની વિવિધ યોજનાની ગ્રાન્ટમાંથી દહિંડા ગ્રામ પંચાયત દ્વારા બ્લોક રોડ, વોટરઘાટ, પાણીની પાઈપ લાઈન સહિતના કામો ચાલુ કરવામાં આવેલ છે પરંતુ કામ એસ્ટીમેન્ટ મુજબ થતા નથી અને તદ્દન નબળા કરવામાં આવે છે. પેવરબ્લોક નબળી કવોલેટીના, રેતી ધૂળ જેવી, કપચી પણ સાવ નબળી વપરાતી હોય સરકારના નાણાનો મોટાપાયે ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે ત્યારે આ તમામ કામોની યોગ્ય તપાસ કરવામાં આવે તે માટે તાલુકા વિકાસ અધિકારીને રજૂઆત કરવામાં આવી છે.

# નાનીવડાળ પ્રા. શાળામાં આંતરરાષ્ટ્રીય વન દિવસની ઉજવણી કરવામાં આવી

સાવરકુંડલા, તા.૨૨



સાવરકુંડલા તાલુકાની નાનીવડાળ પ્રાથમિક શાળામાં આંતરરાષ્ટ્રીય વન દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં આરએફઓ ચાંદુ અને તેમની ટીમે બાળકોને જંગલના રક્ષણ અને વન્ય જીવો વિશે માહિતી આપી હતી. સાવરકુંડલા નોર્મલ વન રેન્જ દ્વારા ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. શાળાનાં તમામ શિક્ષકોએ બાળકોને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

# અમરેલી શહેરમાંથી વિદેશી દારૂની બોટલ સાથે એક શખ્સ ઝડપાયો

અમરેલી,તા.૨૨

અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતનાઓએ અમરેલી જિલ્લામાંથી દારૂની બદી દુર કરવા પ્રોહિબીશનના વેચાણ, સંગ્રહ અને હેરફેરની પ્રવૃત્તિ કરતા ઈસમો ઉપર વોચ ગોઠવી તેમના ઉપર સફળ રેઈડ કરવા સૂચના અને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે અમરેલી એલસીબી પોલીસ ઈન્સ. વી.એમ. કોલાદરા નાઓની રાહબરી હેઠળ એલસીબી ટીમને અમરેલી



સિટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમિયાન મળેલ બાતમી હકીકત આધારે અમરેલી, સંકુલ રોડ, સંસ્કાર એપાર્ટમેન્ટમાં રેઈડ દરમ્યાન નિલેશભાઈ વિનોદભાઈ પંચાલ, ઉ.વ.૪૭, રહે.અમરેલી નામના ઈસમને ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલો, વાહન સહિતના મુદ્દામાલ સાથે પકડી પાડી, પકડાયેલ આરોપી તથા મુદ્દામાલ આગળની કાર્યવાહી કરવા અમરેલી સિટી પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવ્યો હતો.

# સાયકલિંગ સ્પર્ધામાં કમાણી સાયન્સ અને પ્રતાપરાય આર્ટ્સ કોલેજ ચેમ્પિયન

અમરેલી, તા.૨૨



ઈન્ટર કોલેજ રોડ સાયકલિંગ સ્પર્ધામાં અમરેલીની કમાણી સાયન્સ અને પ્રતાપરાય આર્ટ્સ કોલેજના વિદ્યાર્થીઓએ શાનદાર પ્રદર્શન કર્યું હતું. ભાઈઓની ટીમે ચેમ્પિયનશિપ જીતી હતી, જ્યારે બહેનોની ટીમ રનર્સ અપ રહી હતી. ભાઈઓની ટીમમાં ડામોર સચિન, મકવાણા વિરેશ, ભટ્ટી સોયમ અને રાઠોડ કરશને ભાગ લીધો હતો. બહેનોની ટીમમાં કણબી ચંદ્રિકા, રાણાવાડિયા ઈશા, સૈયદ મહેકબાનું અને માધડ કીર્તિકાએ ભાગ લીધો હતો.

# મોટા ભંડારિયા ખાતે નવજીવન જનરલ હોસ્પિટલ દ્વારા ફ્રી નિદાન કેમ્પ યોજાશે

અમરેલી, તા.૨૨

અમરેલીની નવજીવન હોસ્પિટલ દ્વારા મોટા ભંડારિયા ગામની પ્રાથમિક શાળા ખાતે ૨૫-૦૩-૨૦૨૫, મંગળવારે બપોરે ૩થી ૫ સુધી ફ્રી નિદાન કેમ્પ યોજાશે. આ કેમ્પમાં હોસ્પિટલના અનુભવ ફીજીશ્યન ડો. રાજન કકૈયા (એમ. ડી. ) દ્વારા સેવા આપવામાં આવશે. કેમ્પમાં જરૂરિયાતમંદ લોકોને વિનામૂલ્યે દવાઓ આપવામાં આવશે. ઉપરાંત કેમ્પનો હદયરોગ, બીપી, ડાયાબીટીસ, શ્વાસ-દમ, ન્યુમોનિયા, તાવ, પક્ષઘાત, પથરી-પ્રોસ્ટેટ વગેરે દર્દીઓ પણ લાભ લઈ શકે છે. સામાન્ય રીતે ગરમીમાં ઘણીવાર બીપી, ડાયાબીટીસ વગેરે રોગોનું નિદાન થતું ના હોઈ અને દર્દી પણ આ બાબતે અજાણ હોય છે અને જયારે કોઈ ગંભીર બીમારી થાય ત્યારે ખબર પડે છે કે બીપી, ડાયાબીટીસ જેવા રોગો ઘણા સમયથી હતા પરંતુ યોગ્ય સમયે નિદાન અને સારવાર થયેલ ન હોવાથી બીમારી વધી ગયેલ છે. આથી ગ્રામીણ ક્ષેત્રમાં ખાસ ઉમરલાયક દર્દીઓનું નિદાન થાય અને યોગ્ય સારવાર મળી રહે તેવા સેવાકીય ઉદેશ્ય સાથે આ કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

# ધારીના ખેતલીયાદાદાના મંદિરે વિનામૂલ્યે છાશ વિતરણ કરાશે

ધારી, તા.૨૨

ધારીમાં શ્રી બોરડીયાદાદા ખેતલીયાદાદા સેવા ટ્રસ્ટ સંચાલિત પ.પૂ. ગુરુ શ્રી ભિખુદાદા વિનામૂલ્યે છાશ વિતરણનો રામનવમીના દિવસે પ્રારંભ થઈ રહ્યો છે. જે લોકોને જરૂરિયાત હોય તેમણે રેશનકાર્ડ તથા આધારકાર્ડની ઝેરોક્ષ આપવાની રહેશે અને તેમને ફ્રીમાં છાશ વિતરણ માટેનું કાર્ડ આપવામાં આવશે. આ કાર્ડ વહેલી તકે મેળવી લેવા જણાવવામાં આવે છે. સ્થળઃ ખેતલીયાદાદા મંદિર, આંબલી શેરી, ઝેરોક્ષ આપવાનો સમય સવારે ૧૧.૩૦ થી ૧૨.૩૦ અને સાંજે ૪થી ૫. ઝેરોક્ષ આપવાની છેલ્લી તા.૨-૪-૨૦૨૫, બુધવાર છે. સંપર્કઃ- દિનેશભાઈ શેઠ અને મંદિરના પૂજારીઃ- અશ્વિનભાઈ મહેતા.

# ધારી પોલીસ સ્ટેશનના ગુનાનો આરોપી છેક વ્યારા પંથકમાંથી ઝડપાયો

અમરેલી,તા.૨૨

અમરેલી એલસીબી પોલીસ ઈન્સ. વી.એમ. કોલાદરાનાઓની રાહબરી હેઠળ એલસીબી ટીમે ધારી પો.સ્ટે. નીચે પોકસોના ગુનાનો આરોપી સુરેશ છનાભાઈ ડુંગરીયા, ઉ.વ.૨૩, રહે.આંબાગાળા, તા.ધારી પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતો ફરતો હોય, તેમજ મજકુર આરોપીનું નામ. કોર્ટમાંથી વોરંટ ઈસ્યુ થયેલ હોય, મજકુર આરોપીને ટેક્નીકલ સોર્સ અને બાતમી હકિકત



આધારે સુરત જિલ્લાના વ્યારા તાલુકાના ટીચકપુરા ગામની સીમમાંથી ભોગ બનનાર સાથે પકડી પાડી, આગળની કાર્યવાહી થવા સારૂ ધારી પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

# બાબરામાં ખુલ્લેઆમ દારૂના વેચાણ સામે યુવા ભાજપ મહામંત્રીની ઉચ્ચકક્ષાએ રજૂઆત

બાબરા, તા.૨૨

બાબરા શહેરમાં ખાખી વર્દીના આશીર્વાદથી ખુલ્લેઆમ દારૂનું વેચાણ થઈ રહ્યું છે અને બેનંબરી ધંધાઓ ધમધમી રહ્યા છે, તેવો આક્ષેપ જિલ્લા યુવા ભાજપના મહામંત્રી જગદીશ નાકરાણીએ કર્યો છે. તેમણે રોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, બાબરા શહેર અને



તાલુકામાં કાયદો વ્યવસ્થાની સ્થિતિ કથળી ગઈ છે. બાબરા પંથકમાં દારૂનું દૂષણ મોટા પાયે વધ્યું છે. તાજેતરમાં સરકારે ગુનેગારો સામે જે કાર્યવાહી કરી છે તેવી જ કાર્યવાહી તાલુકા પંથકમાં પણ થવી જોઈએ તેવી રજૂઆત જગદીશભાઈ નાકરાણી દ્વારા ઉચ્ચ કક્ષાએ કરવામાં આવી છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે, પોલીસ તંત્ર દ્વારા બાબરા શહેરમાં ખુલ્લેઆમ દારૂ વેચવાની પરવાનગી આપવામાં આવી છે. પોલીસ તંત્ર રાત્રે વાહનચાલકો પાસે થી હપ્તા ઉઘરાવે છે અને બાબરા પંથકમાં ખનીજચોરી પણ બેફામ બની છે. પોલીસ ગામની બહાર ઊભા રહીને વાહનચાલકો પાસેથી હપ્તા ઉઘરાવે છે.બાબરા શહેરમાં સાંજ પડે એટલે બુટલેગરો ખુલ્લેઆમ દારૂ વેચવા નીકળી પડે છે, તેવો આક્ષેપ પણ જગદીશભાઈ નાકરાણીએ કર્યો છે.

# ખાંભા પોલીસ સ્ટેશનના ફરાર આરોપીને ઝડપી પાડતી એલસીબી

અમરેલી,તા.૨૨

અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતે અમરેલી જિલ્લામાં ગુનાઓ આચરી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા આરોપીઓ તથા જેલમાંથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ



હોય, જે અન્વયે અમરેલી એલસીબી પોલીસ ઈન્સ. વી.એમ. કોલાદરાનાઓની રાહબરી હેઠળ એલસીબી ટીમે ખાંભા પો.સ્ટે.ના ગુનાનો આરોપી ભાવેશ ડાયાભાઈ બાંભણીયા, ઉ.વ.૨૭, રહે.નવાબંદર, પ્રાર્થના મંદિરની બાજુમાં, તા.ઉના, છેલ્લા બે માસથી પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતો ફરતો હોય, મજકુર ફરાર આરોપીને ટેક્નીકલ સોર્સ અને બાતમી હકિકત આધારે પકડી પાડી, આગળની કાર્યવાહી થવા ખાંભા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે. પોલીસની કડક કાર્યવાહીથી અસમાજિક તત્વોમાં ફફડાટ ફેલાયો છે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

Hero
માઈલેજ લીડર ★★★★★
પ્રિમયમ કોપર ગોલ્ડ ગાર્નીસ ★★★★★
મજબૂત એલોય વ્હીલ્સ ★★★★★
લાંબી આરામદાયક સીટ ★★★★★
મોટું ફ્લોરબોર્ડ ★★★★★
અત્યાધુનિક ઓટો કેન્સલ ઇન્ડિકેટર ★★★★★

હીરો નું સ્કૂટર એટલે સ્કૂટર નો હીરો
પ્રસ્તુત છે નવું DESTINI 125
રહો બે કદમ આગળ
અભિનેતા HERO DESTINI 125 | નિર્માતા HERO MOTOCORP
વિશેષતાઓ તેની શ્રેણીમાં શ્રેષ્ઠ માઈલેજ | મોટા અને 100/80-12 પહોળા એલોય વ્હીલ્સ | લાંબી પ્લશ સીટ 785mm |LED પ્રોજેક્ટર હેડલાઈટ DRL સાથે
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz

મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ– બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીગ • ઈન્શાયુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ
શ્રેષ્ઠ ગ્રાહક સેવા
ગુણવતાયુકત કામ
પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ

મુકેશ મોટર ગેરેજ
Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# સાવરકુંડલા નગરપાલિકામાં મહિલા સદસ્યએ પોતાના વિસ્તારમાં કામ ન થતાં રોષ ઠાલવ્યો

સાવરકુંડલા, તા.૨૨



સાવરકુંડલા નગરપાલિકામાં ભાજપના મહિલા સદસ્યએ પોતાના વિસ્તારમાં કામ ન થતાં હોવાને લઈને રોષ ઠાલવ્યો હતો. વોર્ડ નંબર ૮ના મહિલા સદસ્ય મેઘાબેન ગઢીયાએ નગરપાલિકામાં પહોંચી ચીફ ઓફિસર સહિત પ્રમુખ સામે રોષ વ્યકત કર્યો હતો. તેમણે તેમના વિસ્તારમાં ગટરના કામો થતાં ન હોવાના આક્ષેપ કર્યા હતા. શહેરમાં જે સીસીરોડ બનાવવામાં આવ્યાં છે તેના કામમાં કોન્ટ્રાક્ટરોને પાલિકા દ્વારા પાણી પૂરું પડાતું હોવાના આક્ષેપો કર્યા હતા. આરસીસી રોડ બનાવવા માટે પાલિકાના ચીફ ઓફિસર દ્વારા પાણીના ૪ હજાર ટેન્કર આપવામાં આવ્યાં હોવાના ગંભીર આક્ષેપો લગાવતા ચીફ ઓફિસરે મૌન ધારણ કરી લીધું હતું. શહેરમાં ગેસની પાઈપ લાઈનની કામગીરીને લઈ રોડ-રસ્તાને તોડવામાં આવ્યાં હોવાના પણ આક્ષેપ લગાવ્યાં હતા. આ સમગ્ર મામલે નગરપાલિકાના પ્રમુખ મેહુલ ત્રિવેદીનો સંપર્ક કરતા તેઓએ જણાવ્યું કે, ગટરના બે પાઈપ નાખવા માટેની તેઓની માંગણી હતી પરંતુ આ ધુળેટીના કારણે રજાઓ હતી જેથી તે કામ રહી ગયું હતું. ગઈકાલે જ તે પાઈપ નાખી દીધા છે અને પ્રશ્ન હાલ પૂર્ણ થયો છે.

# સાવરકુંડલાનાં નાવલી બજારમાં પાર્ક કરેલી અલ્ટો કારમાં આગ લાગતાં અફરાતફરી

**ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી આગને કાબુમાં લીધી**

સાવરકુંડલા, તા.૨૨



સાવરકુંડલા શહેરના નાવલી બજારમાં આજે એક અલ્ટો કારમાં અચાનક આગ લાગવાની ઘટના બની હતી. ભરચક વિસ્તારમાં બનેલી આ ઘટનાથી અફરાતફરી મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને ટીમે પાણીનો મારો ચલાવીને આગ પર કાબુ મેળવ્યો હતો. કારમાં કોઈ વ્યક્તિ ન હોવાથી કોઈ જાનહાનિ થઈ નથી. જોકે, આગને કારણે અલ્ટો કારને મોટું નુકસાન થયું છે. સ્થાનિક પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. આગ કયા કારણોસર લાગી તે અંગે પોલીસે તપાસ શરૂ કરી છે. આગ કાબુમાં આવ્યા બાદ નુકસાન પામેલી કારને બજાર વિસ્તારમાંથી દૂર ખસેડવામાં આવી હતી. ફાયર વિભાગની ટીમ સમયસર પહોંચતા મોટી દુર્ઘટના ટળી હતી.

# રાજુલાના વિસળીયા ગામે ઘરના વાડા પાસે પાર્ક કરેલી બોલેરોની ઉઠાંતરી

**મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનમાં શખ્સ વિરૂધ્ધ ફરિયાદ નોંધાઈ**

રાજુલા, તા.૨૨

રાજુલાના વિસળીયા ગામે ઘરના વાડા પાસે પાર્ક કરેલ વાહનની અજાણ્યો શખ્સ ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયો હતો.

બનાવ અંગે ધનજીભાઈ આતુભાઈ શિયાળ (ઉ.વ.૨૫)એ અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમની એક્સ બોલેરો ગાડી રજી.નં.GJ-૧૮-AV-૭૨૬૬ જેની કિ.રૂ.૫૦,૦૦૦ વિસળીયા ગામે નેશનલ હાઈવે રોડ ઉપર તેમના ઘરના વાડા પાસે પાર્ક કરી હતી. જેની કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ ગયો હતો. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના એએસઆઈ વી.એન. જાની વધુ તપાસ કરી રહ્યા છે.

# વિશ્વ વન દિવસે શ્રીમતી એસ. એચ. ગજેરા કેમ્પસમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

અમરેલી, તા. ૨૨



વિશ્વ વન દિવસના ઉપલક્ષ્યે શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ, વિદ્યાસભા અમરેલી ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અમરેલી તાલુકાના RFO જ્યોતિબેન ખાખસ, સામાજિક વનીકરણ રેન્જ વિભાગના સ્ટાફ તેમજ સંસ્થાના મંત્રી ચતુરભાઈ ખૂંટ અને કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી સાથે HOD ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમના ભાગરૂપે કેમ્પસને હરિયાળું બનાવવા માટે નર્સરીનો શુભારંભ કરવામાં આવ્યો હતો. નર્સરીમાં મલ્ચિંગ પધ્ધતિ દ્વારા ૫૦૦૦ જેટલા રોપા તૈયાર કરવામાં આવશે, આ પહેલ દ્વારા બાળકોને નર્સરીની કામગીરી વિશે જાણકારી મળશે અને આગામી સમયમાં હજારો ફૂલછોડ અને વૃક્ષોના રોપા તૈયાર કરીને કેમ્પસ તેમજ જાહેર સંસ્થાઓને પણ વાવેતર માટે આપવામાં આવશે.

# અમરેલીના ચાંદગઢ ગામે તા.૩૦મીએ જોષી પરિવાર દ્વારા નવચંડી યજ્ઞનું આયોજન

**મહાઆરતી સહિત મહાપ્રસાદના ધાર્મિક આયોજનો કરાશે**

અમરેલી,તા.૨૨

અમરેલી તાલુકાના ચાંદગઢ ગામે રાજગોર બ્રાહ્મણ જોશી પરિવારના કુળદેવી આઈ રાજબાઈ માતાજી અને ચામુંડા માતાજીના મંદિરે આગામી તારીખ ૩૦ માર્ચ રવિવારના રોજ હોમાત્મક નવચંડી યજ્ઞનું આયોજન જોષી પરિવાર દ્વારા કરવામાં આવેલ છે. આ તકે શાસ્ત્રી મિતુલભાઈ પંડ્યાની ઉપસ્થિતિમાં વહેલી સવારથી શાસ્ત્રોત રીતે પૂજા અર્ચના, હોમાત્મક નવચંડી યજ્ઞ, મહાઆરતી સહિત મહાપ્રસાદના ધાર્મિક આયોજનો હાથ ધરવામાં આવેલ છે. સમગ્ર આયોજન સફળ બનાવવા ભરતભાઈ જોશી, મનોજભાઈ જોશી, અમરીશભાઈ જોશી સહિત મંદિરના પૂજારી રમેશભાઈ તેરૈયા દ્વારા જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

# સા.કુંડલા નગરપાલિકા દ્વારા લોકપ્રશ્નનું નિરાકરણ કરવા લોકદરબાર યોજાયો

**લોકોએ મુકેલા અમુક પ્રશ્નોનું સ્થળ પર નિરાકરણ કરાયું**

અમરેલી,તા.૨૨



સાવરકુંડલા નગરપાલિકા દ્વારા ધારાસભ્ય મહેશભાઈ કસવાલા માર્ગદર્શનથી શહેરના દરેક વોર્ડમાં લોકદરબારનું આયોજન કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત વોર્ડ નંબર ૩ માં નાકરાણીના મઢ ખાતે નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, ઉપપ્રમુખ પ્રતિકભાઈ નાકરાણી, ચેરમેન અશોકભાઈ ચૌહાણ તેમજ નગરપાલિકાના તમામ શાખાના અધિકારીઓની ઉપસ્થિતિમાં લોકદરબારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ લોકદરબારમાં સ્થાનિક રહીશો દ્વારા ૪૦ થી વધારે પ્રશ્નો મૂકવામાં આવ્યા હતા. જેમાંથી અમુક પ્રશ્નોનું સ્થળ પર જ નિરાકરણ કરવામાં આવ્યું હતું. જયારે બીજા પ્રશ્નોનું થોડા દિવસોમાં નિરાકરણ લાવી આપવાની ખાતરી અને બાંહેધરી નગરપાલિકા તંત્ર દ્વારા આપવામાં આવી હતી.

# ચલાલામાં ગેરકાયદે વીજ જોડાણો સામે પોલીસની કડક કાર્યવાહીથી લોકોમાં ફફડાટ

ચલાલા, તા.૨૨



ચલાલામાં PGVCL અને પોલીસની ટીમે અસામાજિક તત્વો દ્વારા ગેરકાયદે વીજ જોડાણ વપરાશકારો ઉપર ધોંસ બોલાવી હતી. આ સંયુક્ત ટીમે ગેરકાયદે વીજ જોડાણ કરી ગુનાઈત પ્રવૃત્તિ કરનારા સામે લાલ આંખ કરી અધધ દંડ વસુલ્યો હતો. ચલાલા PGVCLના નાયબ ઈજનેર એસ.ટી. ગોરસીયા, નાયબ ઈજનેર જે.વી. પટેલ, જુનિયર ઈજનેર પી.આઈ. રાઠવા, લાઈનમેન બી. એચ. ભટ્ટ સહિતના સ્ટાફે માથાભારે ઈસમ મુકેશભાઈ મોતીભાઈ બેદરીયા, ઈન્દુબહેન ધનજીભાઈ પરસુડા અને નારણભાઈ હાદાભાઈ ખેતરીયાને ત્યાંથી ગેરકાયદે વીજ જોડાણો ઝડપી મીટર અને સર્વિસ કેબલ ઉતારી ત્રણેય ઈસમો સાથે કાર્યવાહી કરીને અંદાજે દોઢ લાખ રૂપિયાનો દંડ વસુલ્યો હતો. આ તકે પોલીસ ઈન્સ્પેક્ટર વસૈયાએ ટીમ સાથે કડક બંદોબસ્ત રાખ્યો હતો. આ કાર્યવાહીથી ગેરકાયદે વીજ જોડાણ વપરાશકારો અને અસમાજિક તત્વોમાં ફડફડાટ ફેલાયો છે. ઈન્સપેક્ટર વસૈયાએ જણાવેલ છે કે, હવે ચલાલા પંથકમાં જે અસમાજિક તત્ત્વો એ ગેરકાયદે દબાણો કરેલ છે તેની સામે કડક કાર્યવાહી કરાશે.





AIR CONDITIONERS | AIR PURIFIERS | REFRIGERATORS | WASHING MACHINES | MICROWAVE OVENS | DISHWASHERS | COMMERCIAL REFRIGERATION | AIR COOLERS

Visit us at: voltasbeko.com | Follow us at | @Voltas Beko | Voltas Beko | Voltas Beko | Voltas Beko 24 X 7 Customer Care NO: 9818994444
For product registration, SMS<VB> to 56677 | Email: wfcare@voltasbeko.com | www.voltasbeko.com/storelocator
Buy Online at: www.voltas.com

Visit us at www.myvoltas.com
To locate your nearest store, log on to : www.myvoltas.com/store-locator
Voltas 24x7 Customer Service - 1860 599 455, 965069455
For product registration, SMS <WTA> to 9829525321
Buy only genuine Voltas stabilizers.
Follow us at My Voltas | Voltas Limited | My Voltas | My Voltas | My Voltas

વોલ્ટાસ ઓથો. ડિસ્ટ્રીબ્યુટર A/C, Air Cooler, Commercial Ref., Home Appliances
એવરેસ્ટ ટ્રેડર્સ (રેફ્રિજરેશન) મો. ૯૮૨૫૩૩૫૬૪૫ સર્વિસ નં. ૭૦૧૬૩૫૭૫૬૭
કેરીયા રોડ, નાગરિક બેંકની પાસે, પોસ્ટ ઓફિસની સામે, અમરેલી. ફોન.૦૨૭૯૨-૨૨૦૬૮૪


## અવસાન નોંધ

**સાવરકુંડલા**

કોકિલાબેન મથુરદાસ હરિયાણી (ઉ.વ.૮૧) તે પ્રવિણભાઈ મથુરદાસ હરિયાણી, અતુલભાઈ મથુરદાસ હરિયાણીના માતા તા.૧૭/૩ને સોમવારે અવસાન પામેલ છે.

**મહુવા**

નાનજીભાઈ ભાણાભાઈ ચૌહાણના પુત્ર કલ્પેશભાઈ (ઉ.વ.૨૯) તે ભાનુબેનના પુત્ર, દયાબેનના પતિ, કાર્તિકભાઈના પિતાશ્રી, યોગેશભાઈ, વર્ષાબેનના નાનાભાઈ, ધર્મેશભાઈ રાઠોડ (મહુવા)ના સાળા, જેન્તીભાઈ વસંતભાઈ પરમાર (માખણીયા)ના જમાઈ, સ્વ. પ્રેમજીભાઈ ખોડાભાઈ રાઠોડ (મોરંગી), કાન્તીભાઈ ખોડાભાઈ રાઠોડના ભાણેજ તા. ૧૮/૩ને મંગળવારે રામચરણ પામેલ છે. તેમનું બારમું તા.૨૪/૩ને સોમવારે, સવારે, તેમના નિવાસસ્થાને કે.કે. મીલની ચાલીમાં, મહુવા રાખેલ છે.

**સિંહોર**

ચાવડા સુમિતભાઈ મહેશભાઈ તા.૨૧/૩ને શુક્રવારે સ્વર્ગવાસ પામેલ છે. તે સ્વ.મહેશભાઈ કસારામલના પુત્ર, દિલીપભાઈ કસારામલ, જીતુભાઈ કસારામલના ભત્રીજા, સચિન જીતુભાઇના મોટાભાઈ થાય.

# લીલીયાની અમૃતબા વિદ્યાલય ખાતે રાજ્ય બોર્ડ વિભાગ દ્વારા પરીક્ષા યોજાઈ

લીલીયા,તા.૨૨



લીલીયાની અમૃતબા વિદ્યાલય ખાતે રાજ્ય બોર્ડ પરીક્ષા વિભાગ દ્વારા કેટ પરીક્ષા ૨૦૨૫ લેવામાં આવેલ જેમાં ધોરણ પાંચના વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. લીલીયા અમૃતબા વિદ્યાલય ખાતે ૧૧ બ્લોકની ફાળવણી કરવામાં આવેલ જેમાં ૩૧૪ પૈકી ૨૨૯ વિદ્યાર્થીઓ પરીક્ષામાં હાજર રહ્યા હતા અને ૮૫ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. પરીક્ષા કેન્દ્રના સંચાલક તરીકે શાળાના આચાર્ય હસમુખભાઈ કરડ રહ્યા હતા. તેમના માર્ગદર્શન તળે પરીક્ષામાં જોડાયેલ સ્ટાફ કર્મચારીઓએ શાંતિપૂર્ણ વાતાવરણમાં પરીક્ષા લીધી હતી. પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ સહાય સહિતના લાભ મળતા હોવાથી ધોરણ પાંચના નાના બાળકોએ હોંશભેર પરીક્ષા આપી હતી.


**નિત્યા સ્કીન કિલનીક**
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર

ઉપલબ્ધ સારવાર

- ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
- વાળ તથા નખને લગતા રોગોની સારવાર
- એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
- અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
- Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
- Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
- Botox, Filler, Thread Lift
- Hair Transplantation

ડો. જુહી ઠક્કર
M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત

કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

**રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ**

ઉપલબ્ધ સારવાર

- જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
- દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
- ગંભીર ફેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
- રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
- બે કલાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર

ડો. પ્રતિક પ્રજાપતિ
M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન

કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજો માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

# ગાગડીયો નદીને ઉંડી ઉતારતા જળસંગ્રહ ક્ષમતામાં થયો વધારો

અમરેલી,તા.૨૨

અમરેલી જિલ્લામાં જળસંચય ક્ષેત્રે એક નોંધપાત્ર સફળતા હાંસલ થઈ છે. રાજ્ય સરકાર અને ધોળકિયા ફાઉન્ડેશનના સંયુક્ત પ્રયાસોથી ગાગડીયો નદીના પુનરુત્થાનનું કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ અંતર્ગત ગાગડીયો નદીને ઊંડી અને પહોળી કરવામાં આવી રહી છે. નદીના ૨૫ કિલોમીટર વિસ્તારમાં આ કામગીરી ચાલી રહી છે. આ વિસ્તાર લાઠી તાલુકાના અકાળા ગામથી લીલીયા તાલુકાના ક્રાંકચ ગામ સુધી ફેલાયેલો છે, જ્યાં ગાગડીયો નદી શેત્રુંજી નદીને મળે છે. પ્રોજેક્ટનું કુલ બજેટ રૂ. ૧૪,૦૦૦ લાખનું છે. રાજ્ય સરકાર અને ધોળકિયા ફાઉન્ડેશન વચ્ચે ૮૦:૨૦ના રેશિયોમાં ખર્ચની વહેંચણી કરવામાં આવી છે. અત્યાર સુધીમાં ૮૦% કામગીરી પૂર્ણ થઈ



ચૂકી છે. આ પ્રોજેક્ટના પરિણામે ૨૯ ચેકડેમોનું નિર્માણ થયું છે. આના કારણે વિસ્તારની જળસંગ્રહ ક્ષમતામાં ૩૦.૭૦૬૩ MCFT નો વધારો થયો છે. આ જળસંચયથી આસપાસના ૩૦૦ હેક્ટરથી વધુ ખેતીલાયક વિસ્તારને પરોક્ષ સિંચાઈનો લાભ મળી રહ્યો છે. આ પ્રોજેક્ટ રાજ્ય સરકારના સુજલામ સુફલામ જળ અભિયાનનો એક ભાગ છે, જેનો મુખ્ય ઉદ્દેશ તળાવોની જળસંગ્રહ ક્ષમતા વધારવાનો અને ભૂગર્ભ જળસ્તર ઊંચું લાવવાનો છે. અમરેલી જિલ્લાએ જનભાગીદારી દ્વારા જળસંચયના ક્ષેત્રમાં એક આદર્શ ઉદાહરણ પ્રસ્થાપિત કર્યું છે.

# સાવરકુંડલા એ.પી.એમ.સી.માં ખેડૂતોની સુવિધા માટે વધારાનો વે-બ્રિજ શરૂ

સાવરકુંડલા, તા.૨૨

સાવરકુંડલા એ.પી.એમ.સી.માં ખેત જણસો વેચવા આવતા ખેડૂતોના માલનો વહેલી તકે તોલ થાય તે માટે વધારાના વે-બ્રિજની સુવિધા શરૂ કરવામાં આવી છે. ધારાસભ્ય મહેશભાઈ કસવાળાના હસ્તે આ વે-બ્રિજનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય મહેશભાઈ કસવાળાએ જણાવ્યું હતું કે, સિઝન દરમિયાન કપાસ અને અન્ય



જણસોની ભારે આવક થતી હોવાથી એક જ વે-બ્રિજ હોવાથી વાહનોની લાંબી લાઈનો લાગતી હતી. આ વધારાના વે-બ્રિજની સુવિધા શરૂ થવાથી ખેડૂતોને તેમના માલના તોલ માટે લાંબો સમય લાઈનમાં ઊભા રહેવું નહીં પડે. આ ઉપરાંત, સાવરકુંડલા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ દ્વારા મહુવા રોડ પર બનેલા નવા ૧૦૦ મેટ્રિક ટન ક્ષમતાવાળા વે-બ્રિજનું પણ ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે એ.પી.એમ.સી. અને તાલુકા સંઘના ચેરમેન દિપકભાઈ માલાણી, વાઈસ ચેરમેન મહેશભાઈ લખાણી, તાલુકા ભાજપ પ્રમુખ હિતેશભાઈ ખાત્રાણી, જિલ્લા પંચાયત સભ્ય શરદભાઈ ગૌદાણી સહિત અનેક આગેવાનો અને ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

# લીલીયાના સલડી ગામનો યુવક સાયબર ક્રાઈમનો ભોગ બન્યો

લીલીયા, તા.૨૨

સાયબર ક્રાઈમ અવેરનેસ માટે જિલ્લા પોલીસ સતત કાર્યક્રમો કરી રહી છે. તેમ છતાં લોકો ચુંગાલમાં ફસાઈ રહ્યા છે. લીલીયાના સલડી ગામનો સમાજસેવક પણ સાયબર ક્રાઈમનો ભોગ બન્યો હતો. વિજયભાઈ રતિભાઈ અકબરી (ઉ.વ.૩૮)એ મોબાઈલ ધારક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે આરોપીએ તેમને વિશ્વાસમાં લઈ તેમને USDT માં રોકાણ કરવાની વાત કરી પ્રથમ ૧૦ USDT વોલેટમાં જમા કર્યા હતા. ત્યારબાદ આરોપીએ ઓનલાઈન રૂ.૩૪,૦૦૦ ટ્રાન્સફર કરાવી વોલેટમાં USDT ૧૦૦૦ જમા કરાવી આપવાનો વિશ્વાસ કેળવી ૧૦૦૦ ટ્રાન્સફર કર્યા નહોતા. તેમણે ઓનલાઈન ટ્રાન્સફર કરેલા રૂ.૩૪૦૦૦ પરત ન કરી તેમની સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી આચરી હતી. લીલીયા પોલીસ સ્ટેશનના પીઆઈ આઈ. જે. ગીડા વધુ તપાસ કરી રહ્યા છે.

# લીલીયાની સરકારી હોસ્પિટલમાં કાયમી ડોકટરોની નિમણૂંક કરવા રજૂઆત

**જિલ્લા કોંગ્રેસ મહામંત્રીએ આરોગ્યમંત્રીને પત્ર પાઠવ્યો**

લીલીયા,તા.૨૨

લીલીયા સિવિલ હોસ્પિટલમાં કાયમી ડોક્ટર માટે આરોગ્ય મંત્રીને અમરેલી જિલ્લા કોંગ્રેસ મહામંત્રી નીતિનભાઈ ત્રિવેદીએ પત્ર પાઠવ્યો છે. પત્રમાં માંગ કરવામાં આવેલ છે કે લીલીયા તાલુકામાં હાલમાં એક પણ ડોક્ટર, ઓફિસર કે અધિક્ષક લીલીયા સિવિલ હોસ્પિટલમાં નથી. હાલમાં એક ડોક્ટર ડેપ્યુટેશન પર મુકેલ છે. તાલુકા કક્ષાની હોસ્પિટલ હોવાથી રોજના ૨૦૦ ઉપરાંત દર્દીઓ આવે છે તો લીલીયા હોસ્પિટલમાં M.S કે M.D ડોક્ટર પણ આપવાની જરૂર છે તેમજ અધિક્ષકની જગ્યા ખાલી છે સાથે ત્રણ મેડિકલ ઓફિસરની પણ જગ્યા ખાલી છે. એક પણ પ્રકારના સર્જન પણ નથી તો સરકાર મોટી મોટી વાતો કરવાના બદલે તાત્કાલિક ડોક્ટરની નિમણૂક કરે તેવી માંગ પત્રમાં કરવામાં આવેલ છે. પત્રમાં વધુમાં જણાવેલ છે કે લીલીયા તાલુકો પછાત તાલુકો છે, ગરીબ માણસો વસવાટ કરે છે ત્યારે તાત્કાલિક ડોક્ટરોની નિમણૂક આપવા માટે માંગ કરવામાં આવેલ છે. સાથે સાથે જો માંગ સ્વીકારવામાં નહીં આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની પણ ચીમકી આપવામાં આવેલ છે. અત્રે નોંધનીય છે કે આરોગ્યમંત્રીએ ડોકટરો મુકવાની જાહેરાત કરેલ છે પરંતુ ડોકટરોની નિમણૂંક ક્યારે થશે તેના પર દર્દીઓ મીટ માંડીને બેઠા છે.

# અમરેલી જિલ્લામાં ઝેરી દવા પીવાથી બે લોકોના મોત

**પરિવારમાં શોકનો માહોલ**

અમરેલી, તા.૨૨

અમરેલી જિલ્લામાં વધુ બે લોકોના ઝેરી દવા પીવાથી મોત થયા હતા. હાલ અમદાવાદ રહેતા મૂળ કોઠાપીપરીયા ગામના યોગેશભાઈ ગોરધનભાઈ કિકાણી (ઉ.વ.૩૭)એ જાહેર કર્યા મુજબ, ગોરધનભાઈ ભાદાભાઈ કીકાણી (ઉ.વ.૬૦)એ કોઈ અગમ્ય કારણોસર પોતે પોતાની મેળે ઘઉંમાં નાખવાના ઝેરી દવાના ટીકડા પી જતા સારવાર દરમિયાન મરણ પામ્યા હતા. બાબરાના અમરાપરામાં રહેતા શમસુદીનભાઈ અબ્દુલભાઈ મીઠાણી (ઉ.વ.૭૦)એ જાહેર કર્યા મુજબ, શમીબેન શમસુદીનભાઈ મીઠાણી (ઉ.વ.૬૫)એ ઝેરી દવા પી જતા સારવાર દરમિયાન મરણ પામ્યા હતા. કુંડલીયાળા ગામે એક યુવતીએ એસિડ પીધું હતું.

**બે ઈસમોએ પોતે ગેરકાયદેસર દબાણ કર્યું હોવાનું પોલીસને જણાવ્યું**

# રાજુલામાં સાર્વજનિક પ્લોટ પર ગેરકાયદેસર દબાણ તોડી પાડતી પોલીસ

રાજુલા,તા.૨૨

રાજુલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા અસામાજીક પ્રવૃત્તિ કરતા ઈસમોના રહેણાંક મકાને રાજુલા પોલીસે રાજુલા પીજીવીસીએલ ટીમના કર્મચારીઓને સાથે રાખી ગેરકાયદેસર વીજ જોડાણ અંગેની કાર્યવાહી કરેલ અને નગરપાલિકા તથા અલગ અલગ વિભાગના અધિકારી તથા કર્મચારીઓને સાથે રાખી અસામાજીક



તત્ત્વોની મિલકત અંગેની તપાસ કરેલ અને કાર્યવાહી કરેલ હતી. જેમાં રાજુલામાં રહેતા જયરાજભાઈ બીચ્છુભાઈ વાળા તથા ભરતભાઈ કાળાભાઈ કળસરીયા રાજુલાવાળા બંને ઈસમો રાજુલા પોલીસ સ્ટેશન આવેલ અને સ્વૈચ્છીક રીતે જણાવેલ કે અમો બંને ઈસમોએ મળી જુના કડીયાળી રોડ પર આવેલ હરીઓમ સોસાયટીમાં આવેલ સાર્વનજિક પ્લોટ પર ગેરકાયદેસર રીતે મકાન ચણી લીધું છે. બંને ઈસમો દ્વારા હરીઓમ સોસાયટીમાં કરેલ ગેરકાયદેસર બાંધકામનું પોલીસ બંદોબસ્ત રાખી ડિમોલેશન કરવામાં આવેલ હતું. ઉપરોક્ત બંને ઈસમોમાંથી જયરાજભાઈ બીચ્છુભાઈ વાળા વિરૂધ્ધ કુલ ૨૯ ગુનાઓ અલગ અલગ પોલીસ સ્ટેશનમાં રજી. થયેલ છે.

# અમરેલીમાંથી છ જુગારી રોકડા ૧૦,૧૯૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા

અમરેલી, તા.૨૨

અમરેલીમાંથી પોલીસે છ જુગારીને રોકડા રૂ.૧૦,૧૯૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા. ફતેપુરા રોડ પરથી કલ્પેશભાઈ કનુભાઈ ચારોલા, કાંતીભાઈ બાબુભાઈ સોલંકી, નરેશભાઈ ઉર્ફે નલી મુનાભાઈ કુવાડીયા, સંતોષભાઈ ઉર્ફે બાઠીયો વિનુભાઈ પરમાર, રાહુલભાઈ ઉર્ફે ગોરીલો જયસુખભાઈ રાધનપરા તથા જાગાભાઈ શંભુભાઈ રાજકોટીયા ગંજીપત્તાના પાના વડે પૈસાની હારજીતનો તીનપત્તીનો જુગાર રમતા ઝડપાયા હતા.

# અમરેલી માર્કેટયાર્ડ ૨૬થી ૩૧ માર્ચ સુધી લાલ સુકા મરચા સિવાય તમામ જણસીઓ માટે બંધ રહેશે

અમરેલી, તા.૨૨

અમરેલી માર્કેટયાર્ડ દ્વારા દરેક ખેડૂતો, વાહનધારકો, વેપારી, હમાલ, તોલાટ, કમિશન એજન્ટ તેમજ લાગતા વળગતા તમામને જણાવવામાં આવે છે કે, હિસાબી વર્ષ ૨૦૨૪-૨૫ પૂરું થઇ રહ્યું છે. આથી ખરીદનાર વેપારીઓ અને કમિશન એજન્ટ ભાઈઓની રજા રાખવા આવેલ માંગણી મુજબ તા.૨૬/૦૩ને બુધવારથી તા. ૩૧/૦૩/૨૦૨૫ને સોમવાર સુધી લાલ સુકા મરચા સિવાય તમામ જણસીઓ માટે જાહેર હરરાજીનું કામકાજ બંધ રહેશે. આ સમય દરમ્યાન તા.૨૬/૦૩/૨૦૨૫ બુધવાર થી તા.૨૯/૦૩/૨૦૨૫ શનિવાર સુધી ફકત લાલ સુકા મરચાની હરરાજીનું કામકાજ થશે. હાલ, સુકા મરચાની આવક સંસ્થા દ્વારા બીજી જાહેરાત ન થાય ત્યાં સુધી બંધ કરેલ છે. હરરાજીની મર્યાદાને ધ્યાને લઈ અન્ય જણસીની આવક બંધ કરવા અંગે સંસ્થા દ્વારા જાહેરાત કરાશે. આથી ખેડૂતો તથા વાહનધારકોએ જણસી લાવતાં પહેલાં આપના કમીશન એજન્ટ અથવા સંસ્થાની ઓફિસમાંથી જાણકારી મેળવ્યા બાદ જ જણસીઓ લઈને આવવા અનુરોધ કરવામાં આવે છે. તા.૦૧/૦૪/૨૦૨૫ને મંગળવારથી રાબેતા મુજબ માર્કેટયાર્ડનું કામકાજ શરૂ થશે. રજાઓ બાદ દરેક જણસીઓની નવી આવકને તા.૩૧/૦૩/૨૦૨૫ને સોમવારે સવારથી પ્રવેશ મળશે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

### રાજકોટ

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૩૩૦ | ૧૫૦૫ |
| ઘઉં લોક્વન | ૪૭૫ | ૫૭૫ |
| ઘઉં ટુકડા | ૪૯૦ | ૬૨૧ |
| જુવાર સફેદ | ૭૪૦ | ૧૦૧૫ |
| બાજરી | ૪૦૦ | ૫૮૫ |
| તુવેર | ૧૨૬૦ | ૧૪૭૦ |
| ચણા પીળા | ૯૭૦ | ૧૦૩૮ |
| ચણા સફેદ | ૧૧૬૦ | ૧૬૭૦ |
| અડદ | ૧૨૫૫ | ૧૫૭૫ |
| મગ | ૧૩૦૦ | ૧૬૫૦ |
| વાલ દેશી | ૯૫૦ | ૧૨૯૦ |
| વટાણા | ૧૧૬૧ | ૧૮૨૧ |
| સીંગદાણા | ૧૩૧૯ | ૧૪૦૫ |
| તલી | ૧૫૭૦ | ૨૦૮૦ |
| એરંડા | ૧૧૮૪ | ૧૨૩૫ |
| સોયાબીન | ૭૧૫ | ૭૮૦ |
| સીંગફાડા | ૯૬૦ | ૧૩૨૦ |
| કાળા તલ | ૩૮૫૦ | ૫૫૪૪ |
| લસણ | ૮૦૦ | ૧૪૦૦ |
| ધાણા | ૧૨૦૦ | ૧૭૭૦ |
| ધાણી | ૧૫૫૦ | ૨૪૦૧ |
| જીરૂ | ૩૬૫૦ | ૪૧૯૦ |
| રાય | ૧૦૨૦ | ૧૨૩૫ |
| મેથી | ૮૭૦ | ૧૩૨૦ |
| ઇસબગુલ | ૧૮૫૦ | ૨૩૫૦ |
| અશેરીયો | ૧૧૫૦ | ૧૨૭૫ |
| કલોંજી | ૩૨૦૦ | ૩૪૭૭ |
| રાયડો | ૯૫૦ | ૧૦૪૫ |
| ગુવારનું બી | ૮૬૦ | ૯૭૧ |

### રાજકોટ (શાકભાજી)

| | | |
|---|---|---|
| કેરી કાચી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| લીંબુ | ૧૦૦૦ | ૨૬૦૦ |
| તરબુચ | ૨૦૦ | ૩૩૦ |
| બટેટા | ૧૦૦ | ૩૦૦ |
| ડુંગળી સુકી | ૭૫ | ૩૨૦ |
| ટમેટા | ૬૦ | ૧૬૦ |
| સુરણ | ૧૦૫૦ | ૧૪૩૦ |
| કોથમરી | ૨૨૦ | ૪૧૦ |
| સકરીયા | ૪૦૦ | ૭૦૦ |
| મુળા | ૨૫૦ | ૪૫૦ |
| રીંગણા | ૩૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૫૦ | ૮૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૪૦૦ |
| ભીંડો | ૮૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૮૦૦ |
| ચોળાસીંગ | ૧૫૦૦ | ૧૮૫૦ |
| વાલોળ | ૪૦૦ | ૬૦૦ |
| ટીંડોળા | ૮૦૦ | ૧૪૦૦ |
| દુધી | ૧૦૦ | ૩૦૦ |
| કારેલા | ૬૦૦ | ૮૦૦ |
| સરગવો | ૨૦૦ | ૫૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૮૦૦ |
| પરવર | ૧૦૦૦ | ૧૩૦૦ |
| કાકડી | ૩૦૦ | ૬૦૦ |
| ગાજર | ૩૫૦ | ૫૫૦ |
| વટાણા | ૫૦૦ | ૮૦૦ |
| ગલકા | ૫૦૦ | ૭૦૦ |
| બીટ | ૧૦૦ | ૨૫૦ |
| મેથી | ૧૦૦ | ૨૩૦ |
| વાલ | ૭૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૩૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૦૦૦ |
| મરચા લીલા | ૩૦૦ | ૬૦૦ |
| લસણ લીલું | ૪૦૦ | ૭૦૦ |
| મકાઇ લીલી | ૧૦૦ | ૧૫૦ |

### અમરેલી

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૭૯૦ | ૧૦૩૨ |
| ગિરનારી શીંગ | ૯૯૨ | ૯૯૨ |
| શિંગ મોટી | ૮૦૦ | ૧૦૬૭ |
| શિંગ ફાડા | ૯૦૦ | ૧૩૪૦ |
| તલ સફેદ | ૧૬૧૬ | ૧૯૮૬ |
| જુવાર | ૫૦૦ | ૯૯૦ |
| ઘઉં ટુકડા | ૪૭૯ | ૭૦૦ |
| ઘઉં લોકવન | ૪૫૬ | ૫૧૦ |
| ચણા | ૮૦૦ | ૧૦૫૩ |
| સફેદ ચણા | ૧૦૩૬ | ૧૧૯૦ |
| તુવેર | ૭૦૦ | ૧૩૭૭ |
| કપાસ | ૮૭૦ | ૧૫૦૬ |
| એરંડા | ૧૧૮૦ | ૧૨૨૨ |
| જીરૂ | ૨૮૦૦ | ૪૨૫૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૭૫૦ |
| ધાણી | ૧૧૦૦ | ૨૩૦૦ |
| અજમા | ૯૬૦ | ૨૦૦૦ |
| સોયાબીન | ૭૧૦ | ૭૪૧ |
| મરચા લાંબા | ૩૯૦ | ૨૬૯૦ |
| દેશી મરચા | ૧૪૦૦ | ૪૪૦૦ |
| વરીયાળી | ૧૨૫૦ | ૧૨૫૦ |
| સુવાદાણા | ૧૩૦૦ | ૧૩૦૦ |

### અમરેલી (શાકભાજી)

| | | |
|---|---|---|
| બટેટા | ૨૪૦ | ૩૦૦ |
| રીંગણા | ૩૨૦ | ૪૨૦ |
| ફુલાવર | ૧૦૦ | ૧૫૦ |
| કોબીજ | ૬૦ | ૮૦ |
| શકકરીયા | ૨૪૦ | ૩૦૦ |
| ટામેટા | ૧૩૦ | ૧૫૦ |
| સુરણ | ૧૧૧૦ | ૧૨૧૦ |
| ગાજર | ૨૧૦ | ૨૬૦ |
| દૂધી | ૨૦૦ | ૪૦૦ |
| કારેલા | ૫૧૦ | ૬૧૦ |
| ગલકા | ૪૦૦ | ૫૦૦ |
| કાકડી | ૧૨૦ | ૩૨૦ |
| ગુવાર | ૪૧૦ | ૧૦૧૦ |
| વાલોળ | ૬૦૦ | ૮૦૦ |
| વટાણા | ૭૦૦ | ૮૦૦ |
| ચોળા લીલાં | ૬૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૬૨૦ | ૮૨૦ |
| શકકરટેટી | ૨૦૦ | ૩૦૦ |
| ભીંડો | ૬૦૦ | ૮૦૦ |
| આદુ | ૮૧૦ | ૧૦૧૦ |
| કોથમીર | ૨૧૦ | ૩૧૦ |
| મેથીભાજી | ૩૦૦ | ૪૦૦ |
| ફુદીનો | ૫૧૦ | ૬૧૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૭૦૦ |
| બીટ | ૧૧૦ | ૧૧૦ |
| વાલ | ૬૦૦ | ૭૦૦ |
| સરગવો | ૨૩૦ | ૩૩૦ |
| લીમડો મીઠો | ૨૫૦ | ૩૫૦ |
| મરચા લીલા | ૨૦૦ | ૪૦૦ |
| મરચા લાલ | ૫૦૦ | ૬૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૩૦૦ |
| ડુંગળી સૂકી | ૨૦૦ | ૩૬૦ |
| લસણ લીલુ | ૪૦૦ | ૧૦૦૦ |
| લસણ સુકુ | ૧૧૦૦ | ૧૫૦૦ |
| મકાઈ | ૧૨૦ | ૨૨૦ |
| લીંબુ | ૧૬૦૦ | ૨૪૦૦ |
| પાલક | ૪૦૦ | ૬૦૦ |

### ગોંડલ

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૩૦૧ | ૧૪૮૧ |
| મગફળી જીણી | ૭૪૧ | ૧૦૭૧ |
| સિંગ ફાડીયા | ૭૦૦ | ૧૨૪૧ |
| એરંડા / એરંડી | ૯૨૬ | ૧૨૬૬ |
| ક્લંજી | ૨૮૧૧ | ૩૪૬૧ |
| ધાણા | ૯૦૧ | ૧૯૧૧ |
| લસણ સુકું | ૫૨૧ | ૧૩૦૧ |
| ડુંગળી લાલ | ૧૦૧ | ૩૩૧ |
| અડદ | ૧૦૬૧ | ૧૫૮૧ |
| તુવેર | ૧૧૬૧ | ૧૪૮૧ |
| રાયડો | ૯૦૧ | ૧૦૪૧ |
| રાય | ૯૫૧ | ૧૦૫૧ |
| મેથી | ૯૫૧ | ૧૩૦૧ |
| કાંગ | ૫૫૧ | ૭૧૧ |
| મરચા | ૪૦૧ | ૨૩૫૧ |
| મગફળી જાડી | ૬૫૧ | ૧૩૨૧ |
| સફેદ ચણા | ૧૦૭૬ | ૨૧૬૧ |
| તલ - તલી | ૧૮૦૧ | ૧૯૦૧ |
| ધાણી | ૧૦૦૧ | ૨૧૫૧ |
| ડુંગળી સફેદ | ૯૦ | ૨૦૪ |
| બાજરો | ૩૫૧ | ૪૮૧ |
| જુવાર | ૭૦૧ | ૮૮૧ |
| મકાઇ | ૪૫૧ | ૪૫૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૫૧ |
| વાલ | ૮૦૧ | ૧૧૯૧ |
| ચોળા / ચોળી | ૫૦૧ | ૭૦૧ |
| સોયાબીન | ૬૭૧ | ૭૯૧ |
| વટાણા | ૧૦૫૧ | ૧૭૦૧ |

### ગોંડલ(શાકભાજી)

| | | |
|---|---|---|
| ટમેટા | ૨૦ | ૨૦૦ |
| મરચા | ૧૨૦ | ૬૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૧૬૦૦ |
| કોબી | ૩૦ | ૩૦૦ |
| દુધી | ૫૦ | ૨૫૦ |
| ફ્લાવર | ૬૦ | ૧૪૦૦ |
| કાકડી | ૨૦૦ | ૬૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૩૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૩૦૦ | ૭૦૦ |
| ગાજર | ૬૦ | ૨૪૦ |
| ટિંડોરા | ૨૨૦ | ૬૦૦ |
| વાલ | ૫૦૦ | ૧૦૦૦ |
| વટાણા | ૩૦૦ | ૯૦૦ |
| શક્કરીયા | ૨૨૦ | ૪૦૦ |
| કેરી કાચી | ૮૦૦ | ૧૪૦૦ |
| બટેટા | ૨૨૦ | ૩૩૦ |
| ડુંગળી પુરા | ૧૦ | ૧૫ |
| તાંજરીયા પુરા | ૪ | ૬ |
| કોથમીર પુરા | ૧૦ | ૧૫ |
| ફોદીનો પુરા | ૩ | ૫ |
| કાચા કેળા | ૩૦૦ | ૫૦૦ |
| ઘીસોડા | ૪૦૦ | ૭૦૦ |
| લીંબુ | ૫૦૦ | ૨૪૦૦ |
| મેથી પુરા | ૩ | ૭ |
| બીટ પુરા | ૫ | ૮ |
| સરગવો પુરા | ૧૫ | ૨૫ |
| ચોરા | ૩૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૩૦૦ | ૬૦૦ |
| વાલોર | ૪૦ | ૭૦૦ |
| કાચા પોપૈયા | ૧૦૦ | ૩૦૦ |
| આદુ | ૬૦૦ | ૧૦૦૦ |
| મકાઈ ડોડા | ૮૦ | ૧૬૦ |
| લસણ પુરા | ૧૫ | ૨૫ |
| પાલક પુરા | ૨ | ૫ |
| જામફળ | ૨૫૦ | ૮૦૦ |
| દાડમ | ૨૦૦ | ૧૪૦૦ |
| સફરજન | ૧૪૦૦ | ૩૬૦૦ |
| ચીકુ | ૪૦૦ | ૭૦૦ |
| પોપૈયા | ૨૦૦ | ૪૦૦ |
| કેળા | ૪૦૦ | ૬૭૦ |
| સંતરા | ૪૦૦ | ૧૭૫૦ |
| તરબૂચ | ૧૦૦ | ૨૦૦ |
| હાફુસ કેરી | ૨૦૦૦ | ૫૮૦૦ |
| મોસંબી | ૬૦૦ | ૮૦૦ |
| ટેટી | ૧૦૦ | ૫૦૦ |
| દ્રાક્ષ | ૬૦૦ | ૧૫૦૦ |
| કેસર કેરી | ૨૦૦૦ | ૪૪૦૦ |

### બાબરા

| | | |
|---|---|---|
| કપાસ શંકર | ૧૪૩૫ | ૧૫૨૫ |
| કપાસ મીડીયમ | ૧૧૭૫ | ૧૪૦૦ |
| મગફળી જીરૂ | ૯૮૫ | ૧૦૪૫ |
| ચણા | ૧૦૦૮ | ૧૦૫૨ |
| જીરૂ | ૩૬૩૦ | ૪૨૧૦ |
| ઘઉં | ૪૬૦ | ૫૫૦ |
| તુવેર | ૧૨૯૦ | ૧૩૧૦ |
| ધાણા | ૧૩૧૦ | ૧૬૯૦ |

### બગસરા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૫૦ | ૧૫૦૪ |
| ઘઉં લોક્વન | ૪૫૦ | ૪૮૩ |
| ઘઉં ટુકડા | ૪૩૬ | ૫૧૫ |
| ચણા | ૭૦૦ | ૯૯૧ |
| સોયાબીન | ૬૦૦ | ૭૦૮ |
| ધાણા | ૯૦૦ | ૧૩૫૫ |
| તુવેર | ૮૨૫ | ૧૩૨૫ |
| મગફળી | ૫૦૦ | ૫૦૦ |
| રાય | ૧૦૪૫ | ૧૦૪૫ |
| અડદ | ૯૪૦ | ૯૪૦ |
| ચણાછોલે | ૧૧૦૦ | ૧૬૨૫ |
| જીરૂ | ૪૦૧૦ | ૪૦૧૦ |
| જુવાર | ૫૦૦ | ૫૦૦ |
| મેથી | ૮૫૦ | ૯૮૦ |
| મગ | ૧૧૩૫ | ૧૧૩૫ |

### ધારી

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૧૦ | ૧૩૬૮ |
| ઘઉં લોક્વન | ૪૩૫ | ૪૯૧ |
| ચણા | ૯૨૦ | ૧૦૦૯ |
| તુવેર | ૧૧૨૬ | ૧૩૪૦ |
| ધાણા | ૧૨૮૭ | ૧૩૭૦ |
| મેથી | ૭૫૧ | ૧૦૫૫ |

### ખાંભા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૩૧૮ | ૧૪૪૬ |
| ચણા | ૯૫૧ | ૧૦૨૬ |
| તુવેર | ૧૨૯૧ | ૧૨૯૧ |
| એરંડા | ૧૧૫૨ | ૧૧૫૨ |
| ધાણા | ૧૩૫૦ | ૧૫૩૬ |
| મેથી | ૧૩૫૦ | ૧૩૫૦ |

### મહુવા

| | | |
|---|---|---|
| શીંગ ૩૨ | ૯૮૦ | ૧૦૫૦ |
| શીંગ જી.૨૦ | ૯૮૦ | ૧૦૫૫ |
| એરંડા | ૧૨૦૦ | ૧૨૨૪ |
| જુવાર | ૩૭૦ | ૮૬૬ |
| બાજરી | ૪૫૧ | ૬૫૬ |
| ઘઉં ટુકડા | ૪૬૧ | ૬૬૬ |
| અડદ | ૮૩૫ | ૧૦૫૦ |
| ધાણા | ૭૦૦ | ૧૬૦૦ |
| ચણાનં.૩ | ૯૦૧ | ૧૦૫૧ |
| ચણા દેશી | ૧૦૭૨ | ૧૧૪૫ |
| તલ સફેદ | ૧૧૦૦ | ૧૮૨૬ |
| તલ પુરબીયા | ૨૨૫૦ | ૨૨૫૦ |
| તુવેર | ૧૦૭૦ | ૧૪૭૨ |
| જીરૂ | ૩૫૭૦ | ૩૯૩૫ |
| ડુંગળી લાલ | ૧૦૦ | ૨૭૪ |
| ડુંગળી સફેદ | ૧૨૦ | ૨૧૩ |
| નાળીયેર | ૧૧૭૨ | ૨૮૭૨ |

### રાજુલા

| | | |
|---|---|---|
| શીંગ | ૯૭૦ | ૧૦૧૦ |
| તલ સફેદ | ૧૪૫૦ | ૧૫૦૧ |
| તલ પીળા | ૨૦૪૫ | ૨૧૨૫ |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૬૧ |
| બાજરો | ૫૪૦ | ૬૭૧ |
| ઘઉં ટુકડા | ૪૦૧ | ૫૯૦ |
| જુવાર | ૭૦૦ | ૯૨૫ |
| તુવેર | ૧૨૦૦ | ૧૩૦૦ |
| ચણા | ૮૨૫ | ૧૦૨૫ |
| જીરૂ | ૩૮૦૦ | ૩૮૦૦ |
| રાય | ૧૧૦૧ | ૧૧૦૧ |
| સોયાબીન | ૭૩૦ | ૭૩૮ |

### સાવરકુંડલા

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૯૮૦ | ૧૦૫૦ |
| શીંગ મોટી | ૧૦૦૦ | ૧૦૮૪ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૧૮૬ |
| જીરૂ | ૩૮૦૦ | ૪૨૫૨ |
| કપાસ | ૧૩૭૦ | ૧૪૭૫ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૫૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૫૦ |
| બાજરો | ૫૦૦ | ૬૨૦ |
| જુવાર | ૬૦૦ | ૯૫૦ |
| ચણા | ૧૦૧૦ | ૧૦૭૦ |
| દેશી ચણા | ૧૦૫૦ | ૧૧૮૧ |
| તુવેર | ૧૨૫૦ | ૧૩૮૫ |
| એરડી | ૧૧૦૦ | ૧૨૦૦ |
| મેથી | ૧૧૫૦ | ૧૪૨૫ |
| રાય/રાયડો | ૮૦૦ | ૧૦૫૦ |
| સોયાબીન | ૬૦૦ | ૭૦૦ |
| અજમા | ૧૦૦૦ | ૧૨૫૦ |

### કોડીનાર

| | | |
|---|---|---|
| મગફળી જીરૂ૦ | ૧૦૦૦ | ૧૦૭૧ |
| મગફળી ૩૨નં | ૯૭૦ | ૧૦૧૪ |
| બાજરી હાઇ. | ૪૪૧ | ૬૧૬ |
| ઘઉં | ૪૮૧ | ૫૭૨ |
| રાઇ | ૯૫૦ | ૧૦૨૬ |
| રાયડો | ૧૦૦૦ | ૧૦૫૨ |
| મેથી | ૮૦૦ | ૧૦૩૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૩૫૨ |
| જુવાર | ૪૦૦ | ૯૪૮ |
| એરડી | ૧૦૫૦ | ૧૧૮૦ |
| સોયાબીન | ૭૧૦ | ૭૯૨ |
| ધાણા | ૧૦૦૦ | ૧૫૩૫ |
| કપાસ | ૧૨૨૦ | ૧૪૦૦ |
| કાંગ | ૪૫૦ | ૫૨૪ |

### ભેંસાણ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૦ | ૧૪૮૦ |
| ઘઉં | ૪૦૦ | ૫૨૦ |
| ચણા | ૮૦૦ | ૧૦૧૧ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૩૦ |
| મગફળી | ૭૦૦ | ૯૭૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૧૯૫૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૧૧ |
| સોયાબીન | ૬૦૦ | ૭૨૦ |

### મોટા લીલીયા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૮૨ | ૧૪૨૪ |
| કપાસ સીગ્રેડ | ૯૦૦ | ૯૦૦ |


★ ખેડૂતભાઈઓ માટે ★
જીપ્સમ
દહેજ તથા વડોદરાનું
મટીરીયલ્સ
લૂઝ ટ્રક લોડીંગ સપ્લાય ચાલુ :
● એક (૧) પ્રતિ ટન જીપ્સમ ભાવ
● એક (૧) પ્રતિ ટન ટ્રાન્સપોર્ટભાડા
તે મુજબ હોમ ડીલીવરી લોડીંગ
૨૫થી ૪૦ ટન સુધી
ઓર્ડર તથા જાણકારી માટે સંપર્ક સુત્ર :
મો. ૯૪૨૬૯ ૮૯૫૭૬ પી.બી. ઘાટલીયા
મુ.લાઠી, તા.લાઠી, જી.અમરેલી

# એઆઈ: દૂધથી દાઝતા પહેલાં જ ફૂંકી-ફૂંકીને પીવા જેવું માધ્યમ



તાજેતરમાં જ એલન મસ્કનું એઆઈ ચેટબૉટ ગ્રૉક ચર્ચામાં આવ્યું. આમ તો તે ૨૦૨૩માં શરૂ કરાયું હતું, પરંતુ 'ઍક્સ' પર લોકો તેને ટેગ કરીને પ્રશ્ન પૂછવા લાગ્યા અને તેના રસપ્રદ પરંતુ તથ્યાત્મક ઉત્તરો મળવા લાગ્યા. જ્યારથી એલન મસ્કે ડૉનાલ્ડ ટ્રમ્પને સાર્વજનિક ટેકો જાહેર કર્યો અને તેઓ સરકારી કાર્યક્ષમતા વિભાગ (DOGE)ના વડા બન્યા અને તેમણે છટણી શરૂ પણ કરી દીધી, તે પછી અમેરિકાના લેફ્ટ લિબરલોની આંખમાં કણાની જેમ ખૂંચે તે સ્વાભાવિક છે પણ ભારતના લેફ્ટ લિબરલો (લે. લિ.) મસ્કની નાની-નાની વાતોને ઊછાળવા લાગ્યા, જેમ કે મસ્કની કાર કંપની ટેસ્લાના શૅર ગગડ્યા, બીજા દેશો ટેસ્લાનો વિરોધ કરે છે વગેરે વગેરે.

પરંતુ ગ્રૉક એ ચેટબૉટ છે. એટલે કે તે કોઈ માનવી નથી, પરંતુ જેમ કોઈ કંપનીના વૉટ્સઍપ નંબર પર સંદેશો મોકલો તો સામેથી ઉત્તર આવે છે, તે રીતે એઆઈ સંચાલિત એક ચેટબૉટ છે. તે જમણેરી કે ડાબેરી બધા મુદ્દે નિખાલસ અને સચોટ ઉત્તર આપે છે. એટલે ભારતના લે. લિ.ઓને મજા પડી ગઈ. પરંતુ આમાં 'ધ કાશ્મીર ફાઈલ્સ' જેવી સંપૂર્ણ સંશોધન સાથે કાશ્મીર મુદ્દે સચોટ ફિલ્મ બનાવનાર વિવેક અગ્નિહોત્રી વિશે ગ્રૉકે ખોટા સમાચાર આપ્યા હતા જેના મુદ્દે વિવેક અગ્નિહોત્રીએ વળતો ઉત્તર આપતાં ગ્રૉકે તેની ભૂલ સ્વીકારી. ક્ષમા માગી. આ પહેલી ક્ષમા હતી.

આ ગ્રૉક હિન્દીમાં પણ ગાળાગાળી કરે છે. તે ગુજરાતીમાં પણ ઉત્તર આપે છે. કોઈ પ્રશ્ન પૂછે અને ગ્રૉક ઉત્તર આપે અને તે પછી ગ્રૉકનો ઉત્તર પોતે સંતાડી દે અને પછી પાછું પૂછે તો ગ્રૉક તે પોલ પણ ખુલ્લી પાડી દે છે. જમણેરી કે ડાબેરી બધાને ગ્રૉકની આ સક્રિયતાથી મજા પડી ગઈ છે, પણ ભારત સરકાર ચિંતામાં છે કારણકે ગ્રૉક ગાળાગાળી પણ કરે છે.

અહીં ખરેખર તો ચિંતા બીજી હોવી જોઈએ. ગ્રૉક ગાળાગાળી કરે છે તે કરતાંય બહોળી રીતે, મુદ્દો એ છે કે આ એઆઈ ક્યાં જઈને અટકશે? કારણકે કેટલાંક આઈડી પરથી એઆઈ દ્વારા બનાવાયેલા વીડિયો જોઈને આંખ પહોળી થઈ જાય છે. કેટલાક બદમાશો 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'ના વિવિધ પાત્રોને લઈને તેમના ભેટતા હોય કે ચુંબન કરતા હોય તેવા વીડિયો એઆઈની મદદથી બનાવે છે. ધારાવાહિકમાં જેઠાલાલ બબિતા પ્રત્યે કૂણી લાગણી ધરાવે છે, પરંતુ આ ધારાવાહિકમાં જેઠાલાલ-બબિતા તો છોડો, પતિ-પત્નીને પણ ખાસ ભેટતા બતાવતા નથી. તો સ્વાભાવિક છે કે જેઠાલાલ-બબિતા એકબીજાને ભેટતા હોય કે ચુંબન કરતા હોય તે તો ધારાવાહિકમાં બતાવે જ નહીં. અને ચંપકલાલ તો આખી સૉસાયટી માટે વડીલ છે. સિરિયલમાં બધી સ્ત્રીઓ તેમની દીકરી જેવી છે પરંતુ એઆઈની મદદથી બદમાશો ચંપકલાલ અને અંજલીના આવા વીડિયો બનાવીને મૂકે છે. આવું જ અંજલી અને સોઢી વચ્ચે બતાવાય છે. એક વીડિયોમાં આલિયા ભટ્ટ અને રેખાને લેસ્બિયન રીતે ચુંબન કરતાં બતાવ્યાં છે.

વિચાર કરો ! અને એટલું જ નહીં, સૉશિયલ મીડિયા પર આપણે બધા પોતાના સારામાઠા પ્રસંગોની તસવીરો મૂકીએ છીએ. કોઈ પ્રસંગ પર સારી રીતે તૈયાર થયા હોય તો લોકો પોતાની તસવીરો મૂકે છે. પરંતુ બદમાશો હવે આવી તસવીરોને એઆઈની મદદથી સજીવન કરી તેમની વિકૃત રીલો બનાવે છે. આ કેટલું ખતરનાક છે !

વિચાર વલોણું

જયવંત પંડ્યા

જે લોકો સત્ય નથી જાણતા કે જેઓ સૉશિયલ મીડિયા પર બધું જ સાચું જ હોય એવું માને છે તેઓ આવી બાબતોથી દોરવાઈ જાય તે સ્વાભાવિક છે. અત્યાર સુધી તો યુટ્યૂબ પર ખોટા થમ્બનેલ (વીડિયો માટે એક કવર ફોટો મૂક્યો હોય તેને થમ્બનેલ કહે છે) મૂકીને ફલાણા મોટા નેતાની પત્ની ફલાણી મોટી અભિનેત્રી છે તેવા વીડિયો મૂકે છે. અંદર કંઈ ઈદમ્ તૃત્તીયમ્ હોય. પરંતુ ઘણા વડીલો પછી ચર્ચા કરવા લાગે કે આ સાચું છે. યુટ્યૂબ પર આ વીડિયોમાં એઆઈની મદદથી કંઈ હજુ સુધી નહોતા કરતા પણ હવે એઆઈની મદદથી માત્ર તસવીર હોય તેને મૉશન રૂપે હાલતી-ચાલતી, ભેટતી, ચુંબન કરતી બતાવી શકાતી હોય તો પછી આવનારા સમયમાં આવી સામગ્રી જ ઑનલાઈન રહી જશે તો લોકો સત્ય શું છે તે તારવી નહીં શકે.

એટલું જ નહીં, તમારે કોઈ વાત માનો કે નરેન્દ્ર મોદીના અવાજમાં કહેવી હોય તો તે તમે તે વાત તમારા અવાજમાં રેકૉર્ડ કરી લો, એઆઈ આધારિત ઍપ તમારા અવાજને મોદીના અવાજમાં ફેરવી નાખશે. આ ટૅક્નૉલૉજીની મદદથી આજે કેટલાંય નવાં ગીતો જે શાન, અરિજિતસિંહ કે સોનુ નિગમે ગાયાં છે તેને કિશોરકુમાર કે મોહમ્મદ રફીના અવાજમાં ફેરવી નખાયા છે. દા. ત. સુખવિન્દરસિંહનું 'હોલે હોલે સે હવા ચલતી હૈ' ગીત રફીના અવાજમાં ફેરવી અને તેમાં જૂના જમાનામાં જે રીતનું સંગીત આવતું હતું તે પ્રકારનું સંગીત ઉમેરી દેવાયું. કોઈ વડીલ સાંભળે તો તે એમ જ કહે કે આ ગીતને મૂળ તો રફીએ જ ગાયું હશે. વિચાર કરો કે ભવિષ્યમાં નવી પેઢી કઈ રીતે જાણશે કે કયું ગીત મૂળ ગીત હતું?

આ સિવાય ગ્રૉક કે ચેટજીપીટી વગેરે એઆઈ આધારિત ઍપની વાત કરીએ તો તે ઍપમાં તમે કંઈ પ્રશ્ન પૂછો કે તમે તેને કંઈ લેખ લખી આપવા કહો તો તે થોડી જ વારમાં તમને માહિતી આપી દે છે. પરંતુ પ્રશ્ન એ થાય કે તે આ અદ્ભુત માહિતી ક્યાંથી લાવે છે? આનો ઉત્તર ગૂગલ સર્ચમાં છે.

ગૂગલ સર્ચ પણ એક રીતનું એઆઈ જ છે. તે શું કરે છે? તે અલગ-અલગ વેબસાઈટ પર મૂકેલી સામગ્રીને ફૉટો રૂપે સાચવી લે છે. તેના કેટલાક કીવર્ડ એટલે કે ચાવીરૂપ શબ્દોને રાખે છે. આ ચાવીરૂપ શબ્દો વેબસાઈટ પર સામગ્રી મૂકનારા મૂકતા હોય છે. દા.ત. તમે બિપાશા બસુ એમ, સર્ચ બૉક્સમાં લખો છો તો તેના વિશે બધી જ વેબસાઈટ તમને આપશે, જેમાં તેના વિશે ફિલ્મી સમાચાર પણ હોઈ શકે અને સપાના પૂર્વ નેતા દિવંગત અમરસિંહ સાથેની વાતચીતનો ઑડિયો પણ હોઈ શકે. ગૂગલ સમાચાર માધ્યમો, યુટ્યૂબ-ફેસબુક-ઍક્સ જેવાં સૉશિયલ મીડિયા, વિવિધ યુનિવર્સિટીઓ પર મૂકાતા સંશોધનાત્મક લેખો, સરકારી વેબસાઈટ, બ્લૉગ વગેરે બધાનાં પરિણામો સર્ચ તરીકે આપે છે.

આપણે માનવીનું ઉદાહરણ લઈશું તો વાતને સરળતાથી સમજી શકાશે. વિજ્ઞાન અને ભગવાન વિષ્ણુના અવતારો બંને સજીવના અનુક્રમિક વિકાસની વાત દર્શાવે છે. અમીબા નામના એકકોષીય જીવથી માંડીને સસ્તન પ્રાણી અને તેમાંય માનવી, તેમાંય પથ્થર ઘસીને અગ્નિ પ્રગટાવતો માનવી, ઝાડપાનનાં વસ્ત્ર પહેરવા લાગેલો માનવી, લોખંડનાં સાધનો શોધીને પછી રસોઈ કરવા લાગેલો માનવી, તે પછી ઘર વસાવવા લાગેલો માનવી આમ, ધીમેધીમે એ સ્થિતિ આવી કે માનવી ચંદ્ર પર પહોંચ્યો. માનવે માનવરહિત અવકાશયાન અંતરીક્ષમાં મોકલ્યું. અને હવે તેમાં સુનિતા વિલિયમ્સ જેવાં અવકાશયાત્રી તો નવ મહિના સુધી અંતરીક્ષમાં રહી આવ્યા.

તો ભગવાન વિષ્ણુના પણ મત્સ્ય, કૂર્મ, વરાહ, નૃસિંહ, વામન, પરશુરામ, રામ, કૃષ્ણ, બુદ્ધ છે. મત્સ્ય એટલે માછલી, જળચર, કાચબો જળ અને સ્થળ બંને જગ્યાએ રહી શકે. વરાહ એટલે સસ્તન પ્રાણી. નૃસિંહ એટલે અડધું મનુષ્ય અને અડધું સિંહનું શરીર. પરશુરામ પરશુ એટલે કે કુહાડી હતી. શ્રી રામ વખતે ધનુષ્ય-બાણ અને તેમાંય મંત્ર સાથે બાણ છોડવામાં આવે તેવી વિદ્યા આવી ગઈ. કૃષ્ણ વખતે ગેડીદડાની રમત, યમુનામાં કાળિયા નાગને નાથવાની વાત, મલ્લો સાથે કુશ્તી, જુગારની રમત, ગદા, બાણ, બ્રહ્માસ્ત્ર વગેરે સુધી આવી ગયું. બૌદ્ધ વખતે એટલો બધો વિકાસ હતો કે બૌદ્ધને જ્યારે બીજાને જોઈને દુ:ખ સમજાયું ત્યારે થયું કે આ વિકાસ કેટલો કામનો?

ગૂગલ શરૂઆતમાં ફૉટો પાડીને વેબસાઈટને જ સર્ચમાં બતાવતું હતું પરંતુ તેણે પોતાની અલગ-અલગ સેવાઓ વિસ્તારી, જેમ કે જીમેઈલ, હૅંગઆઉટ (જે હવે ગૂગલ મીટ છે), ગૂગલ ફૉટો, કેલેન્ડર, ગૂગલ ડૉક્યૂમેન્ટ તેના કારણે તેની પાસે વધુ ને વધુ ડેટા આવવા લાગ્યો. હવે તમને કોઈનો ઈ-મેઈલ જીમેઈલમાં આવ્યો હોય, દા.ત. તમારી પાસે બૉસનો મેઈલ આવ્યો તો ગૂગલ એ વાંચીને તમને ઉત્તર ઑટો સજેશન રૂપે આપે છે- **Ok, I will do it.** હું આ કામ કરી નાખીશ.

પરંતુ આમાં તકલીફ ક્યાં ઊભી થઈ? એ કે ડેટા ઘણો બધો ભેગો થવા લાગ્યો. એટલે બિપાશા બસુનું સર્ચ કરો તો તે તમને પૂછશે કે તમે (પ. બંગાળના પૂર્વ મુખ્ય પ્રધાન) જ્યોતિ બસુ વિશે સર્ચ કરવા માગો છો? અને સર્ચમાં જ્યોતિ બસુ વિશે પણ પરિણામો બતાવશે.

એઆઈ પણ આવું જ કરે છે. એ પણ ગૂગલની જેમ સમાચાર માધ્યમો, સૉશિયલ મીડિયા, યુનિવર્સિટીની વેબસાઈટ પર પડેલાં સંશોધનાત્મક લેખો, સરકારી વેબસાઈટ, બ્લૉગ વગેરે પરથી તમને પરિણામ આપે છે. તેમાં ઉમેરો એ થયો કે માનો કે તમે તેને ગાય પર નિબંધ લખવાનું કહ્યું તો તેણે વિવિધ કન્ટેન્ટ રાઈટર (લેખકો)ને પોતાની સાથે જોડેલા હોય છે. તેમણે એક ફૉર્મેટ આપી દીધું કે નિબંધ આ રીતે લખાય. તે પરથી ગાયને લગતી માહિતી લાવી એ ફૉર્મેટમાં ફિટ કરીને તે તમને નિબંધ તરીકે આપી દે છે.

પરંતુ આ એઆઈમાંય ભળતી-સળતી માહિતી આવવા લાગી. દા.ત. મેં જર્નૈલસિંહ ભીંદરાનવાલે વિશે પૂછ્યું તો એઆઈની એક ઍપે જવાબમાં લખ્યું કે ભીંદરાનવાલે સ્વતંત્રતા સેનાની હતો. આ તો સાવ ખોટો ઉત્તર થયો ને. આ ઉત્તર તેની પાસે ક્યાંથી આવ્યો? તો તેણે ખાલિસ્તાની સમર્થકોની પૉસ્ટ કે વેબસાઈટ પરથી માહિતી ઉઠાવી હશે.

વિચાર કરો કે આ એઆઈ કેટલું ખતરનાક છે ! આનો અર્થ એ થયો કે ઈન્ટરનેટ પર સાચું-ખોટું જે કંઈ હશે તે આ એઆઈ આપશે. મારા એક વાચક મિત્રએ **AskAI**માં મારા વિશે પૂછ્યું તો આખી પ્રૉફાઈલ સરસ રીતે આપી. એટલું જ નહીં, યુટ્યૂબ પર મારી ચેનલમાં મૂકાતા વીડિયો પરથી લખ્યું કે માહિતીપ્રદ વીડિયો હોય છે. મેં તેને એક એવા મારા મિત્રનું નામ કહ્યું જે સૉશિયલ મીડિયા પર નથી, જે બ્લૉગ નથી ધરાવતા. તો તેમના વિશે એઆઈએ કોઈ માહિતી ન આપી.

અને તેમાંય જે-તે એઆઈની કંપનીના સ્વામી અથવા સીઈઓનો ઝોક જે બાજુ હશે તે પ્રકારનાં પરિણામો આપશે. દા.ત. ગૂગલ પહેલાં ગ્રૉકની જેમ બધા પ્રકારનાં પરિણામો આપતું હતું, પરંતુ છેલ્લાં કેટલાંય વર્ષોથી લે. લિ. ઝોકવાળાં પરિણામો જ આપે છે. ગૂગલ પર સમાચાર સર્ચ કરશો તો તમને ટાઈમ્સ ઑફ ઈન્ડિયા, ધ હિન્દુ, લલ્લનટૉપ વગેરે ડાબેરી ઝોકવાળાં માધ્યમોના જ મળશે. રિપબ્લિક ભારત, ઝી ન્યૂઝ, ઑપઈન્ડિયા વગેરેનાં પરિણામો નહીં મળે. એ જ રીતે પહેલાં ગૂગલ પર કોઈ ગીતના શબ્દો સર્ચ કરતા તો ગીતમંજૂષા, ગ્લેમશેમ નામની વેબસાઈટ આવતી હતી. પરંતુ હવે જિયો સાવન, સ્પૉટિફાય વગેરે કંપનીઓની ઍપ, જેના પર ગીતો પૈસા દઈને સાંભળી શકાય છે અને તેમાં ગીતોના શબ્દો પણ હોય છે. તે જ પરિણામો બતાવે છે. અર્થાત્ આ કંપનીઓ ગૂગલને પોતાની વેબસાઈટ કે ઍપ માટે પૈસા ચૂકવતી હોઈ શકે. એઆઈમાં પણ આવું થવા સંભવ છે.

પરંતુ અગાઉ કહ્યું તેમ ગૂગલ કરતાં એઆઈ સો ગણું ખતરનાક છે. માનો કે, પેથોલૉજી લેબમાં કોઈ મશીન એઆઈ આધારિત હોય અને કોઈ વ્યક્તિ તેમાં પોતાના હૃદયને લગતો રિપૉર્ટ કરાવવા ગયો. તેના હૃદયના ધબકારા ખૂબ વધુ છે, પરંતુ અનેક વેબસાઈટ પર જૂઠાણાં હોય કે હૃદયના ધબકારા ૧૫૦ હોય તો સામાન્ય છે. અને એઆઈએ આના આધારે રિપૉર્ટ આપી દીધો કે એ વ્યક્તિનું હૃદય સામાન્ય છે. ચિંતાની આવશ્યકતા નથી. તો શું થશે? અને આવા બધાં મશીનો કે ઍપને અપરાધીઓ દ્વારા કે શત્રુ દેશ દ્વારા હૅક કરી શકાશે. ત્યારે શું થશે?

એટલે જ, એઆઈ બાબતે આંધળુકિયા કરવા જેવું નથી. અત્યારે વિવિધ સમાચાર માધ્યમો એઆઈ વિશે માત્ર હકારાત્મક સમાચાર આપીને તેના તરફ આપણને દોરી જાય છે. (કોઈ નવી પ્રૉડક્ટ આવે ત્યારે તેને શરૂઆતમાં આ જ રીતે પૈસા દઈને અથવા પત્રકારોને પ્રભાવિત કરીને તેને પ્રમૉટ કરાવાતી હોય છે.) પરંતુ જો સરકારો, શિક્ષણ સંસ્થાઓ, ખાનગી કંપનીઓ બધું એઆઈ આધારિત કરવા લાગશે તો પાછળથી પસ્તાવાનો વારો પણ આવી શકે છે. ■

jaywant.pandya@gmail.com

# નાયકની પસંદગી – નીર ક્ષીર વિવેક



કોઈ વ્યક્તિ તમારી આગલી પેઢીઓને હેરાન પરેશાન કરીને ગઈ હોય, તમારા બાપદાદાની કતલ કરીને ગઈ હોય, તમારી જમીન હડપી ગઈ હોય, તમારા બાપદાદાની આંખો ફોડી નાખી હોય અને જીવતા નખ ખેંચી કાઢ્યા હોય, તમારા ઈષ્ટદેવને પગ તળે રગડી ગઈ હોય એ વ્યક્તિને પોતાનો હીરો ગણતા કોઈ વ્યક્તિને તમે કઈ રીતે જુઓ કે મૂલવો ? જવાબ એક આખી પ્રજા માટે મુશ્કેલ છે, વ્યક્તિગત સરળ છે. ઔરંગઝેબ ઈતિહાસનું એક માત્ર પાત્ર હતો. ઈસ્લામિક શાસનનો સૌથી ક્રૂર શાસક હતો, જે પોતાના ભાઈઓની અને હિન્દુઓની કત્લેઆમ કરી ગયો. ઈતિહાસના અનગિનત પાત્રો માંહેનો એક હતો. હિંદુ પ્રજાના અપમાનબોધનો ઈતિહાસ હતો ઔરંગઝેબ. કોઈપણ પ્રજાની પરાજયવાદી પરંપરા એક સમયે પૂરી થાય છે. એ યાદ રાખવું ઘટે કે આ માનસિકતા સાથે અગિયારમી સદીના અંતથી અખંડ ભારતમાં શરુ થયેલો આ લોહીયાળ સહઅસ્તિત્વવાદ ૧૯૪૭માં દેશના બે ત્રણ ફાડિયા કરીને પૂરો થયો હતો. રીઝર્વેશન રીઝર્વેશન રમતા નેતાઓ અને ટૂંકા ગાળાની ઘાતક નીતિઓ દ્વારા પોતાની છીછરી રાજનીતિ જીવતી રાખવા મથતા રાજકીય જંતુઓ આજે આ માનસિકતાને પાળી પોષી રહ્યા છે. આખી મુસ્લિમ પ્રજાના હીરો અબ્દુલ કલામ હોઈ શકે, ઔરંગઝેબ નહિ.

ઔરંગઝેબની કબર કરતા ઔરંગઝેબને હીરો તરીકે સ્વીકારતી માનસિકતા વધુ ઘાતક છે. એ દૂર થવી જરૂરી છે. અલ્પશિક્ષિત ઔરંગઝેબથી લઈને નોબલ પદક વિજેતા મહમદ યુનુસ સુધીની સફરમાં માનસિકતામાં કે હિન્દુદ્વેશમાં કોઈ ફરક પડ્યો નથી. આજે પણ બાંગ્લાદેશમાં બધી લઘુમતીઓની હાલત બધાની જાણમાં જ છે. આખી દુનિયામાં ઈસ્લામિક ટેરેરીઝમ નામનો શબ્દ ફેલાઈ ગયો ત્યાં સુધી આ માનસિકતા મુળિયા ઘાલી ગઈ છે. નુકસાન આ માનસિકતા તરફ વધુ છે. વર્ષો સુધી લઘુમતી તૃષ્ટિકરણનું આ પરિણામ છે. અને આ તૃષ્ટિકરણ જ મુસ્લિમો માટે સૌથી વધુ નુકસાનકારક રહ્યું છે. જો એ કબર આજદિન સુધી હયાત છે તો એ હિંદુ સહિષ્ણુતા છે. તેનો મતલબ હિંદુ નિર્બળતા ન કહી શકાય. એ દેખીતું છે કે જો ત્યાંનો સ્થાનિક હિંદુ સહિષ્ણું ન હોત તો કબર વહેલી ખોદાઈ ચૂકી હોત. અન્ય ધર્મના આસ્થાકેન્દ્રોનો ધ્વંસ કરવો હિંદુ સંસ્કૃતિ નથી. હાં, પોતાનો ઈતિહાસ ખોદી લેવો દરેક કોમની ફરજ છે, ચાહે એ કોઈની કબર નીચે કેમ દટાયો ન હોય. પણ જો હોળીનો તહેવાર શાંતિપૂર્ણ રીતે ઉજવવા પોલીસ બંદોબસ્ત લાગતો હોય, દેશની ક્રિકેટ ટીમના વિજયને ઉજવતા સરઘસ પર દેશમાં ઠેરઠેર પથ્થરમારા થતા હોય, હિંદુ ઈતિહાસને રજૂ કરતી એક ફિલ્મ રજૂ થતી હોય અને ઉશ્કેરાટ વ્યાપી જતો હોય તો આ માનસિકતા ખતરનાક છે. બદલવી જરૂરી છે. એ દલીલમાં પણ દમ છે કે જો કબર હયાત હોય અને કબરની સામે ઉભો રહીને અદબ કરવાવાળો જો એ પ્રેરણા લેવા જ ગયો હોય તો એ ચોક્કસ એ પ્રકારની પ્રેરણા લઈને પાછો ફરશે.

રાજકીય રસધાર

પ્રવીણ માધાણી

બોલીવુડમાં સૌ પ્રથમ સાચા ઈતિહાસ પર ફિલ્મો બનાવવી શરુ થઈ છે. સરકારી લહિયા જેવા પટકથા લેખકો અને અંધારી આલમના ભાઈઓના દરબારમાં કુરનીશ બજાવતા ફિલ્મી નટો તેમજ ભાઈના એક ફોનથી ફાટી પડતા પ્રોડ્યુસરોના ખભા પર ચાલતો આ ઉદ્યોગ એ બધી આભાઓ અને ભયમાંથી બહાર આવી ગયો છે. સરકાર અને અંધારી આલમના ભાઈને પૂછીને ફિલમની વાર્તા લખવા બેસતા કલમઘસુ હવે નવરા પડી ગયા છે. પરિણામે પ્રથમ વખત 'છાવા' જેવો ઈતિહાસ કચકડે મઢવામાં આવ્યો છે. વર્ષોથી દરબારી ઈતિહાસકારોએ લખેલો ઈતિહાસ એક ફિલ્મ દ્વારા ધ્વસ્ત થઈ ગયો. ભાંડ કક્ષાના અદાકારો બીજી હરોળમાં ધકેલાઈ જવા લાગ્યા છે. કલાને સરહદો ન હોય, કલાને સીમાડા ન હોય, કલાનો કોઈ ધર્મ ન હોય, જેવી સુફીયાણી સલાહો પ્રજા માથે ઠોકતા રહેતા બૌદ્ધિકો દરમાં ઘૂસી ગયા છે. જે ઈતિહાસની રાખને સરકારના છત્ર હેઠળ અધકચરા સરકારી, બિનસરકારી દલાલોએ દલાલી લઈને ઢાંકી રાખ્યો હતો એ ઈતિહાસની રાખમાંથી અનેક ફીનીક્સ પાંખો ફફડાવવા લાગ્યા છે. જેણે જેણે આ વ્યવસ્થા ઉભી કરી રાખી હતી, એ બધાનું અસહજ થઈ જવું સ્વાભાવિક છે. લાખ રૂપિયાનો સવાલ એ છે કે જે રાજ્યમાં શિવસેના જેવું રાજકીય ઘટક વર્ષોથી છે, જે છત્રપતિ શિવાજી મહારાજના નામ પર ઉભું છે, ભારતીય જનતા પક્ષ જેવો હિન્દુવાદી પક્ષ ઘણા વર્ષો શાસનમાં રહ્યો હતો અને આજે પણ છે, એ રાજ્યની પ્રજાને સાચા ઈતિહાસથી અવગત કરાવવા એક ફિલ્મની જરૂર કેમ પડી ? જે ફિલ્મ ઉદ્યોગ માયાનગરી મુંબઈ સ્થિત છે, જ્યાં આ બંને રાજકીય પક્ષોનું શાસન રહ્યું હતું અને છે, ત્યાં અંધારી આલમના ભાઈ અને એ ભાઈની બહેનને નાયક કે નાયિકા તરીકે રજૂ કરતી ફિલ્મ બની જાય છે તો સંભાજી મહારાજ પર ફિલ્મ બનતા વર્ષો કેમ લાગી ગયા ? જવાબ ઘણા છે, પણ મુખ્યધારાનો જવાબ એ છે કે શાહી મહેલોની દીવાલો પર દરબારી ભાડૂતોએ કોતરેલો ઈતિહાસ સમયની ગર્ત સાથે ઝીર્ણ થઈ રહ્યો છે અને સાચો ઈતિહાસ એ પોપડાઓની નીચેથી સ્પષ્ટ ડોકાઈ રહ્યો છે.

મહમદ અલી ઝીણાએ એક વખત કહ્યું હતું કે અહી એક કોમનો હીરો બીજી કોમ માટે વિલન છે. એણે કદાચ પોતાના અને આવા આક્રન્તાઓના બચાવમાં જ કહ્યું હશે. એ પોતે વિભાજનકારી માનસિકતા સાથે મુસ્લિમ સમુદાયના હીરો હતા. જેણે પોતાની મહત્વકાંક્ષા દેશના ભાગલા કરીને સંતોષી હતી. પાકિસ્તાનના પતન બાદ મુસ્લિમ સમાજનો મોટો વર્ગ આજે એ માનતો થયો છે કે રાજ્યનો આધાર માત્ર ધર્મ કે ધાર્મિક કટ્ટરતા ન હોઈ શકે.

ક્વિક નોટ -- હિંદુ અને મુસ્લિમ બે ભિન્ન જાતિઓ છે. બંનેના ધર્મગ્રંથો જુદા છે. નાયકો જુદા છે. ઘણીવાર એકનો નાયક બીજાનો ખલનાયક છે. એકનો વિજય બીજાનો પરાજય છે. એક જ રાજ્ય નીચે આ બંનેને જોડી દેવા ગલત છે....'' – મહમદ અલી ઝીણા – મુસ્લિમ લીગ લાહોર અધિવેશન ૧૯૪૦. ■

production@infiniumpharmachem.com

# તમે વધારે કોનાથી ડરો છો, તમારાં પત્નીથી કે પ્રેમિકાથી ?

હાસ્યાય નમ:

ડો. પ્રકાશ દવે
૯૫૭૪૩૭૪૪૫૩

(૧) ડાગલાનું નારી જાતિ અને ડાકણનું નર જાતિ કહો.
ડાહ્યાભાઈ આદ્રોજા (લીલિયા મોટા)
ગુગલે હાથ ઉંચા કરી દીધા લાગે છે!

(૨) સાહેબ..! તમે ધુળેટી રમ્યા હોય એવો ફોટો કોલમ પર કેમ ના મુકયો..?
ધોરાજીયા ઘનશ્યામ એન. (સાજણટીંબા)
કોકના મોબાઈલમાં રંગના ડાઘા પડે.

(૩) મન હોય તો માળવે જવાય પણ મન ના હોય તો ક્યાં જવાય?
શંભુ ખાંટ 'અનિકેત' (પાટ્યો અરવલ્લી)
મનને શોધવા માળિયામાં!

(૪) તમે વધારે કોનાથી ડરો છો, તમારા પત્નીથી કે પ્રેમિકાથી ?
રાજુ એન. જોષી (ધરાઈ બાલમુકુંદ)
જવાબ આપીને શું ફાયદો? એ આ કોલમ વાંચતા નથી!

(૫) જેમના પાંચેક શિષ્યો વિદેશમાં વસતા હોય એવા સંતપુરૂષને વિશ્વવંદનીય વિભૂતિ કહેવાય ?
કનુભાઈ પરમાર (દામનગર)
એમ તો મારાય પાંચેક વાચકો વિદેશમાં વસે છે તો મને પણ વિશ્વવંદનીય લેખક કહેશો?

(૬) મંદિરમાં આપણે દર્શન કરવા જઈએ તો આંખો કેમ બંધ કરીએ છીએ ?
જીગર આહીર (દાત્રાણા- પાટણ)
આપણું ધ્યાન ભગવાન તરફથી ભક્તો તરફ ફંટાઈ ન જાય એટલા માટે!

(૭) મારા સાસુ સત્સંગ કરે છે એને ભગવાન મળશે?
કટારીયા આશા હિમ્મતભાઈ (કીડી)
એટલે જ તો તમે મળ્યા!

(૮) શેરીના અને વિશ્વના આખલાનું યુદ્ધ રોકવાના કોઈ ઉપાય?
જયશ્રીબેન બી. મહેતા (કોટડાપીઠા)
આંખો અને ટીવી બંધ રાખવા પડે.

(૯) ગરમીથી બચવાનો કોઈ ઉપાય?
ઉન્નતિ મહેતા (રાજકોટ)
શિયાળા સુધી રાહ જુઓ.

(૧૦) અમારા નળમાં ટીપુ ટીપુ પાણી આવે છે તો શું કરવું?
નીરવ ડણાંક (અમરેલી)
ટીપુ ટીપુ નહાવું!

(૧૧) સુનિતા વિલિયમ્સ પછી હવે મારે અવકાશમાં જવું છે. શું કરું?
દર્શન પટેલ (વડોદરા)
સુનિતા વિલિયમ્સને તેડવા માટે અવકાશમાં સ્પેશ્યલ યાન ગયું હતું. તમને બસ સ્ટેન્ડ પર ઉતરો પછી ઘેરથી પણ કોઈ તેડવા આવે છે?!

(૧૨) મોબાઈલ ન હોત તો શું થાત?
રમાબેન પટેલ (અમદાવાદ)
તમે બીવો બહુ!

(૧૩) સતયુગમાં મોબાઈલ હતા?
ધવલભાઈ પાનવાળા (રાજકોટ)
ના, એટલે તો એને સતયુગ કહેતા!

(૧૪) ધોળા દિવસે ચોરી કેમ કરવી?
રામભાઈ પટેલ (સુરત)
કાળા દિવસે કરીએ છીએ એમ જ.

(૧૫) ડમડમ ડિગા ડિગા મૌસમ ભીગા ભીગા આમાં તમને શું સમજાયું?
જય દવે (ભાવનગર)
એટલું જ કે બહુ પલળવું નહિ! ■

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

# હવે ટકાવારી કે ડિગ્રી રોટલા ઘડી આપે એમ નથી

સપ્તરંગ
દિલીપ ભટ્ટાચાર્ય

વિક્રમનો નૂતન બાલસૂર્ય દૂર પૂર્વમાં ઉદયમાન થઈ ગયો છે. વેકેશન હવે શરું થવામાં છે. શિક્ષણને આપડે જરૂર કરતાં એટલું વધારે મહત્ત્વ આપી દીધું કે જીવનવિદ્યા બધી જ પાછળ રહી ગઈ. કલા, સાહિત્ય અને સંગીતના ઉપાસકોને હજુ આજે પણ સમાજનો એક વર્ગ જુદી રીતે જુએ છે. તેઓ માને છે કે કલાકારોમાં વ્યાવહારિક બુદ્ધિ ઓછી હોય છે અને તેઓ એવા ધુની હોય છે કે સમાજના સુપ્રચલિત માળખામાં સારી રીતે ગોઠવાતા નથી. વીતેલા દાયકાઓની આ માન્યતા જેવી વાસ્તવિકતા હવે નથી. હવે કલાકારો પૂરેપૂરા વ્યાવહારિક છે અને જરાક પણ ધુની નથી. હા, એમની ઊંચી સફળતાને કારણે લોકો એને કંઈનું કંઈ કહે એ વાત જુદી છે. જિંદગી માત્ર ગુણપત્રકમાં ઊંચી ટકાવારીથી નભતી નથી. મનુષ્યના હૃદય અને બુદ્ધિની સમતુલા સ્થપાયા વિના યુવામાનસને સફળતા મળતી નથી. ટકાવારીની દોડમાં આપડા સમાજે બહુ મોટા ગોથા ખાધા છે. પરિણામ એ આવ્યું છે કે ઊંચી ટકાવારી પણ વિદ્યાર્થીઓને બહુ કામમાં લાગી નથી. આજે જે બેરોજગારીની બૂમાબૂમ છે એમાં બહુધા ઉમેદવારો તેજસ્વી છે ને ફર્સ્ટ ક્લાસ પાસ થયેલા છે. એ ટકા એમને કામમાં આવતા નથી. કારણ કે પછી ટકાવારીને આધારે તો જોબમાં ક્યાંય સીધો પ્રવેશ તો મળતો જ નથી. સરકાર પણ પોતાની રીતે પ્રવેશ પરીક્ષાઓ અને સ્પર્ધાત્મક કસોટીઓ રાખે છે. માનો કે એમબીબીએસમાં પ્રવેશ મળી જાય પરંતુ ડોક્ટર તરીકે તેઓની પ્રેક્ટિસ ચાલશે કે નહીં એ ટકાવારી નક્કી ન કરી શકે. એ તો ડોક્ટરની માનવીય ઊંચાઈ અને એમના સ્વભાવ પર આધારિત છે. આપણે ત્યાં એવા ડોક્ટરો અનેક થઈ ગયા કે જેની પાસે જૂની આરએમપી જેવી ડિગ્રી હોય પરંતુ દર્દીના નિદાન અને ઉપચારમાં એમની માસ્ટરી હોય. પછી લોકો એમ કહે છે કે એમના હાથમાં જશરેખા છે.વાલીઓના મનમાં ટ્યુશન ક્લાસના માલિકોએ ટકાવારીનું જે ભૂત ભરાવ્યું છે તે હજી સુધી નીકળ્યું નથી, સતત ધૂણ્યા કરે છે. મુખ્યત્વે વિજ્ઞાન અને ગણિતના શિક્ષકોએ ઊંચી ટકાવારીની વકીલાત કરી. એક તબક્કે તેઓ સાચા હતા. આજે એમને પૂછો કે સાહેબ મારે ઊંચા ટકા તો આવ્યા પણ નોકરી નથી મળતી તો એમ કેમ ? તો એનો જવાબ એમની પાસે નથી. જે સત્ય છે એ તેઓ કહી નહિ શકે. અને સત્ય એ છે કે કોઈ પણ પદવી આપડને એ ક્ષેત્રના વ્યાવસાયિક કે ઔદ્યોગિક સેક્ટરમાં પ્રવેશ આપે છે. પછી એમાં આપણે પ્રવૃત્ત થવું પડે છે.ઊંચી ટકાવારીવાળા વિદ્યાર્થીઓને સોસાયટીના નાકે આવેલી કરિયાણાની દુકાને જીરૂ, વરિયાળી કે અડદ લેવા મોકલો તો તેઓ ગુણવત્તા તપાસી શકે તેમ નથી. તેમનામાં જીવનની સર્વસામાન્ય કુશળતાઓનો અભાવ છે. આ ટકાવારીવાળા એક અલગ પ્રકારની કોમ્યુનિટી છે અને આખા રાજ્યમાં ફેલાયેલી છે. એને કોઈ પણ વસ્તુની ખબર પડતી નથી. અરે સારા એક કિલો રિંગણા લેતા પણ એમને આવડતું નથી. હવે ઉનાળો નજીક છે. આ લોકોને કેરી લેવા મોકલો તો ખાતરી છે કે એ કેરી ખાટી જ નીકળશે. આવી ટકાવારી શું કામની ? આજે નહિ તો કાલે સમાજે એના પર વિચાર કરવો પડશે. કારણ કે ટ્યુશન ક્લાસના માલિકોને તો ખાલી પૈસા જોઈએ છે. એ પૈસાના બદલામાં તેઓ માત્ર ટકા જ આપી શકે. વિદ્યાર્થીને



જિંદગીનો અસલી પરિચય ન કરાવી શકે. આપણે ત્યાં એવા કેટલાય ઉમેદવારો છે કે જેઓ લગ્ન પછી કંઈક સમજતા થયા હોય. એમનો ખરો વ્યાવહારિક - બૌદ્ધિક વિકાસ લગન પછી જ થયો હોય. આવનારી પુત્રવધૂએ જ એને જ્ઞાન આપ્યું હોય કે આમ બોલાય, આમ વાતચીત થાય, વ્યવહારમાં આમ રહેવાય... આ રીતે શોપિંગ કરાય.. આ રીતે બચત થાય વગેરે.ખાનગી કંપનીઓનું ચિત્ર પણ હવે રહસ્યમય થઈ ગયું છે. દેશમાં સાર્વત્રિક રીતે જે મંદીની હવા છે એનું બહાનું હાથમાં લઈને ખાનગી કંપનીઓ છેલ્લા બે-ત્રણ વરસમાં કુલ તો લાખો કર્મચારીઓની નિવૃત્તિ પહેલા છટણી કરી ચૂકી છે. નવયુવા બેરોજગારોમાં આપણા દેશમાં છેલ્લા ત્રણ વરસમાં પાકટ અને આધેડ બેરોજગારોની સંખ્યા પાછલે દરવાજેથી ઉમેરાઈ ગઈ છે. સરકાર પાસે હાલ જે આંકડાઓ છે એનાથી તો બેરોજગારી ક્યાંય વધુ છે અને વૈવિધ્યપૂર્ણ છે. સામાન્ય રીતે બેકારી કે બેરોજગારી આપણે એને કહીએ છીએ કે જેનામાં કામ કરવાની તમન્ના, યોગ્યતા અને સ્વઉપાર્જન માટેની પ્રતિબદ્ધતા હોય છતાં તેને કામ ન મળે. કંપનીઓના અનુભવો સમાજ સુધી પહોંચતા નથી. કંપનીઓ કહે છે કે નવી પેઢીને કામ કરવાની તક આપીએ પછી તેમાંના ૨૦ ટકા તો કોઈને કોઈ વ્યસનના શિકાર હોય છે.બાકીના ૨૦ ટકામાં ઓન ડ્યુટી મોબાઈલ મનોરંજન માણવાનું વ્યસન હોય છે જે પાન-બીડી જેવું જ ખતરનાક છે. પછી જે ૬૦ ટકા વધ્યા એમાંથી ત્રીસ ટકાને તો સીધા સાહેબ જ થવું છે, કામ તો કરવું નથી, હાલતા ને ચાલતા રજાઓ રાખવી છે, રાખેલી રજાને વળી ફરી લંબાવવી છે. છેલ્લે જે ત્રીસ ટકા લોકો છે તેઓ કંઈક કામગરા છે. જેમાંથીય દસ ટકા જ નિષ્ણાત અને મનુષ્યત્વના ઉચ્ચ મૂલ્યો તથા ઉચ્ચ સંસ્કારોને ધારણ કરનારા છે, જેને કંપની કોઈપણ વધારાના ઈન્સેન્ટિવ્સ આપીને પોતાની સાથે જાળવી રાખે છે, કારણ કે કંપનીઓનું તેઓ પ્રાણતત્ત્વ બની જાય છે.ભારતીય સમાજે છેલ્લા બે-ત્રણ દાયકામાં ટકાવારી માટે જે દોટ મૂકી અને કલા, સાહિત્ય, સંગીત સહિત જે અન્ય બધું જ છોડી દીધું એના આ ચિંતાજનક પરિણામો સામે આવવા લાગ્યા છે. છેલ્લા ઘણા વર્ષોથી આપણા શિક્ષકો અને અધ્યાપકો લાયબ્રેરીમાં દેખાતા નથી. તેમના ઘર પર દરોડા પાડો તો પાઠ્યપુસ્તકો સિવાયના કોઈ પુસ્તકો ન મળે, આ સ્થિતિ વારંવાર જોવામાં આવે છે છતાં હજુ એમાં કોઈ ફેરફાર થયો નથી. શિક્ષકોની વાણીમાં પણ ટકાવારી જ ટક ટક થયા કરે છે, તેઓ સંદર્ભોના અનેક જ્ઞાન-ઝરણથી સર્વથા મુક્ત છે. એટલે એમને હાથે ઘડાયેલા નવા યુવા વર્ગે આજે ગંભીર સમસ્યાઓનો સામનો કરવાનો વખત આવ્યો છે. આપણે વાતો કરતા હોઈએ એવી આ કોઈ સામાન્ય સ્થિતિ નથી, આતો એ દશા છે જેને કારણે આ યુવાઓની માતાને અરધી રાત્રે ઊંઘ ઉડી જાય છે અને પિતા સતત મૂંઝવણમાં વ્યાકુળ રહે છે. સંતાનો પચીસેક વરસે પહોંચે ત્યારે એમના માતા પિતા પચાસેકની વયે પહોંચ્યા હોય છે. પચાસ વરસની વય એક પ્રશાંત જીવનરીતિથી નિરાંત માણવાની અને નિશ્ચિંતતાની વય છે.ઠરેલી લક્ષ્મી અને ઠરેલા ગૃહસ્થાશ્રમની અમૃતધારામાં સંતાનોને એના પોતાના પગ પર બેઠા થવાનો એ શુભકાળ હોય છે. પરંતુ એમ હવે થતું નથી એને કારણે સમગ્ર પરિવારના સુખચૈન અદ્ધરતાલ થઈ જાય છે. પરિવારના દરેક સભ્ય જાણે કે કોઈક એડહોક લાઈફ જીવતા હોય એવી સ્થિતિ સર્જાય છે. આપણા દેશની બેરોજગારીના આંકડાઓનું જંગલ જગ જાહેર છે. સરકાર જો એમાં કંઈ કરી શકે એમ હોય તો સરકારે નવી નવી ચૂંટણીઓમાં મત લેવા માટે કંઈક કરવું પડે પરંતુ વાસ્તવિક્તા એ છે કે સરકાર કંઈ કરી શકે એમ નથી અને જે કંઈ કરે છે તે ફાટેલા આભને થીંગડાં મારવાનું જ કામ કરે છે. દુનિયાની કોઈપણ પ્રજા પોતાની બધી જ સમસ્યાઓનો ઉકેલ જો પોતાની સરકાર પાસેથી જ ચાહે તો એ ઉકેલ એને મળવાનો નથી, સમય પસાર થવાનો છે અને સમસ્યા હાઈફ્લડ લેવલનેય વટી જવાની છે. બધી જ જવાબદારી કંઈ સરકારની ન હોય.સોંપવામાં આવેલા કામ પ્રત્યેની નિષ્ઠા અને જવાબદારીમાં દેશની નવી પેઢી કાચી પડી રહી છે, એ જ કારણ છે કે આજે સિવિલ કે મિકેનિકલ એન્જિનિયરનો પ્રારંભિક પગાર-આઠ-દસ હજારથી શરૂ થાય છે. પછી કંપની એનું કામ જુએ છે અને યોગ્ય પરફોર્મન્સ હોય તો જ ટકાવે ને પગાર વધારે છે. એટલે આપણા દેશમાં તંત્રની બુદ્ધિહીનતાને કારણે બેરોજગારી છે તે તો છે જ, પરંતુ તેમાં પ્રમાદી અને બેફિકર વર્ગે જાતે ઉભી કરેલી બેરોજગારી પણ છે. આમ થવાનું એક કારણ એ પણ છે કે અનેક દંપતીઓએ પોતાના યુવાન થઈ ગયેલા સંતાનોને ઠપકો આપવાનું બંધ કર્યુ છે. સંતાનોની તર્કબાજી સામે તેઓ કોઈ જંગ લડવા ચાહતા નથી. એટલે એક એવો વર્ગ પણ અસ્તિત્ત્વમાં આવ્યો છે કે જે રાહ ભટકી ગયેલો છે.આટલું કરે તોય એની કારકિર્દીના શ્રીગણેશ થયાનો હરખ ઘરમાં અજવાળાની જેમ પથરાય અને એ તો ત્યારે જ થાય જ્યારે યુવાન સંતાન એના મિત્રો અને મોબાઈલની મહેફિલોમાંથી મુક્ત થઈ કામે લાગે. સંસ્કૃતમાં પિતાને સંબોધીને એક સુભાષિત આપણા પૂર્વસૂરિઓએ લખ્યું છે જેમાં કહેવામાં આવ્યું છે કે હે પિતા, તું જીવનનો પરિપૂર્ણ આનંદ લે અને સંતાનોની વ્યર્થ ચિંતા છોડી દે. કારણ કે તારો પુત્ર જો કુપુત્ર હશે તો તારી આખી જિંદગીની કમાણી જોતજોતામાં ઉડાડી દેશે અને તારી ચિંતા, સંપત્તિ કે બચતનો કોઈ અર્થ નહીં રહે, અને જો તારો પુત્ર સુપુત્ર નીવડશે તો આખી જિંદગીમાં તું જેટલું કમાયો હો એટલું તો એ એના પ્રથમ પ્રયાસે જ કમાઈ લેશે. ■

# કોયલ ટહૂકી સૂનાં વનમાં



વાર્તા વિશ્વ

યોગેશ પંડયા

‘નેક્સ્ટ કેન્ડિડેટ મિસ પૂનમ પાનવાલા ’’ જાહેરાત થઈ એ સાથે જોબનથી છલકાતો એક બગીચો ઊભો થયો. અને અંદર રહેલા સીસીટીવી જીવંત થઈ ઉઠયા. પૂનમ પાનવાલાની પદ્‌મણી ચાલ યુવાન બોસ અભિજીતની આંખોમાં અંકિત થઈ ગઇ. વેઈટીંગ લોન્જથી ચેમ્બર પચાસ ડગલાં દૂર હતી પણ એ પચાસ ડગલાંની સરકતી ચાલના પંથ ઉપર તો અભિજીતની ‘આહ... અને વાહ...’’ વારંવાર ઢોળાતી રહી. પંચાવન કિલો જેટલું વજન, ઘાટીલું શરીર, પૂનમના ચાંદ જેવો જ ચહેરો તેની ઉપર મઢેલી હીરા જેવી બે આંખો, લચકતા વળાંકો અને ચહેરા સાથે ગેલ કરતી ઝૂલ્ફો ! અભિજીતને સમાધિ લાગી ગઇ ત્યાં જ જાણે સૂનાં વનમાં ભૂલી પડી ગયેલી કોયલનો ટહુકો થયો : “ મેં આઇ કમ ઈન સર ?’’ સીસીટીવીમાં ડૂબી ગયેલા અભિની સમાધિ તૂટી. એક અપ્સરા બારણે ડોકાઇને અંદર આવવાનું આમંત્રણ માગી રહી હતી. “વેલકમ મિસ પૂનમ, હું તમારા જ ઈન્તઝારમાં હતો...’’ પૂનમ ચોંકી ઉઠી : ‘મારા ઈન્તઝારમાં ?’ તેણે પણ હૈયે આવેલા શબ્દો બહાર જ કાઢી નાખ્યા : “સર, આપણાં મળવાનો એવો કોઇ પ્રિ-પ્લાન તો હતો નહીં. તો પછી ? ’’ “એ હવે થશે..’’ અભિ હસ્યો પછી “જસ્ટ કિડીંગ...’’ કહેતા ઉમેદવારની યાદી બતાવીને કહ્યું : “ મને ખબર હતી કે હવે તમે જ આવવાનો છો.’’ “થેંન્કસ સર.’’ પૂનમ ઊભી રહી ગઇ. વારેવારે ચહેરા ઉપર ધસી આવતી અલ્હડ લટોને છેલ્લી બે આંગળીથી કાનની પાછળ ધકેલતી પોતાની શૈક્ષણિક લાયકાતના તમામ સર્ટીફિકેટ્‌સની ફાઇલ અભિજીત આગળ મૂકતા કહ્યું : “ આ મારી ડિગ્રીઝ, સર્ટીફિકેટ્‌સ છે બી.કોએમ, બી.એ. કર્યું છે. એ સિવાય પવન મોટર્સમાં મારે છ મહિનાનો એકસપિરિયન્સ...’’ “તમારો એક્સપિરિયન્સ જ તમને કામ લાગશે.’’ અભિજીત હસ્યો : પણ નોકરી કેમ છોડી ?’’ પૂનમ નીચું જોઇ ગઇ “સર, એ પૂછો નહીં પ્લીઝ. ’’ “વ્હાય ?’’ “ ત્યાં મારા નેચરને અનુકૂળ નહોતું સર. આપ સમજો, યુવાન છોકરીને માટે અત્યારે નોકરી કરવી કેટલી અઘરી છે ? ! પણ મારી મજબૂરી હતી. પપ્પાને શ્વાસનો રોગ છે. નાના ભાઇ - બહેન હજી ભણે છે. મારા મમ્મી આજુબાજુના ઘરોમાં કામકાજ કરવા જાય છે. અને હું...’’ “ જુઓ, આ મલ્ટીપર્પઝ ડેટા ઓપરેટરની જગ્યા છે. પગાર દસ હજાર પણ મલ્ટીપર્પઝનો મતલબ સમજો છો ને ?’’ “ના..’’ પૂનમે ચોખ્ખી ના પાડી એટલે અભિજીતે કહ્યું : “ઓફિસમાં ત્રણ ડિપાર્ટમેન્ટ છે તમને ગમે ત્યાં કામ સોંપવામાં આવશે. મંજૂર હોય તો અત્યારે જ તમને સિલેક્ટ કરી લઉં.’’ અને પછી પૂનમના શરીર ઉપર નજર ઠેરવતો અભિજીત હસ્યો : “ આમ પણ તમે મારા ઈન્ટરવ્યુંમાં પાસ થઇ જાવ એવી તમામ લાયકાતો ધરાવો છો જ...’’ પૂનમે અભિજીતની નજરોને તાગી. એટલે ઊભાર ઉપરથી સ્હેજ સરી ગયેલી ઓઢણી વ્યવસ્થિત કરી લીધી. અભિજીતે પૂછયું : “આર યુ એગ્રી ફોર એઝ મલ્ટીપર્પઝ ઓપરેટર્સ જોબ ?’’

“જી સર...’’ તે ઊભી રહી. અભિજીતે કહ્યું : બેસજો, હું ઈન્ટરવ્યુ પૂરા કરી લઉં.’’ બે કલાકમાં ઈન્ટરવ્યુ પુરા’ય થઇ ગયા એટલે અભિજીતે પૂનમને અંદર બોલાવી : “તમારો એપોઈન્ટમેન્ટ લેટર તૈયાર થાય છે. જોબ આજથી જ ચાલુ. અત્યારે તમારે મારી પાસે બેસવાનું છે. ’’ પૂનમને પહેલા તો ન ગમ્યું પણ એ અભિજીતને પામવાનો પ્રયત્ન કરતી હતી એટલે તેણે સ્વીકારી લીધું. અભિજીતે તેને કંપનીની તમામ ગતિવિધિ વિશે સમજાવ્યું. વચ્ચે આઇસક્રીમ અને જ્યુસ પણ મંગાવ્યો. પરંતુ બહાર બેઠેલા સ્ટાફમાં ચણભણ થવા લાગી : અરવિંદભાઇને નિકેત કહેતો હતો : “અરૂકાકા, બોસને તો છોકરીના નામનીય એલર્જી છે એમાં આ પૂનમે શું પ્રેમજાળ પાથરી કે ??’’ અરવિંદભાઇએ કહ્યું : “વિશ્વામિત્રને મેનકાએ પછાડયા. ’’ “અરે, ભગવાન શિવજી પણ ભીલડીમાં નહોતા મોહ્યા ? યાર, આ તો પામર મનુષ્ય.’’ ત્રિલોક બોલ્યો.

“કહો ના કહો, પણ છોકરી ઉસ્તાદ નીકળી, બોસને પટાવી લીધા છે.’’ “અરે, કેટલા વાગી ગયા છે ?’’ દિવાલ ઘડિયાળ ઉપર નજર જતા જ અભિજીતે કહ્યું : “શિયાળાના છ એટલે તો અંધારૂ થઇ ગયું. ’’

“ઈટ્‌સ ઓ. કે. ’’ પૂનમે કહ્યું : “કોઇ વાંધો નહીં, હું રીક્ષામાં - ’’ “નો... નો... નો... મારી ઓફિસમાં જોબ કરતી લેડિઝને હું આમ એકલી ન છોડી શકું, ચાલો હું તમને ઘરે મૂકી જાઉં.’’ પૂનમ ના પાડતી રહી પણ અભિજીત તેને ઘર સુધી મૂકવા આવ્યો. સામે દેખાતા ત્રણ માળિયાના ખૂણે પૂનમે રીકવેસ્ટ કરતા કહ્યું “સર, પ્લીઝ અહીં ઉતારી દો, નહીંતર મારી વાતો થશે. ’’ “ઈટ્‌સ ઓ.કે. ’’ અભિજીતે તેને ઉતારી દીધી અને ઘરે જઇને પહેલું કામ ‘પવન મોટર્સ’ માં જોબ કરતા તેના દોસ્ત નિસર્ગને ફોન કરી પૂનમ વિશે માહિતી મેળવી લીધી. અઠવાડિયામાં પૂનમ સેટ તો થઇ ગઇ પણ તેની અને અભિજીત વિશે સ્ટાફમાં ચણભણ થવાની શરૂ થઇ તે બાબત સ્ટાફના તેના તરફના વર્તનથી જાણવા મળી. પણ “કૂછ તો લોગ કહેંગે, લોગો કા કામ હૈ કહેના.’’ માનીને મન મનાવ્યું.

પંદરેક દિવસ પછી એક શનિવારની રાત્રે અભિજીતનો મેસેજ આવ્યો : “ આર યુ ફ્રી ઓન ટુમોરો ?’’

પૂનમ વિચારતી થઇ ગઇ. બોસ કોઈ દિવસ રાત્રે મેસેજ કરતા નથી તેને બદલે અત્યારે મેસેજ ? “ યસ સર શું કામ હતું ?’’ તેણે રિપ્લાય આપ્યો “ કામ તો નહોતું પણ તમારી કંપની જોઈતી હતી...’’ આગળ લખ્યું હતું : ’’ મેકસેસમાં મસ્ત પિકચર આવ્યું છે. તું કંપની આપે તો જોવા ચાહુ છું. એકલાં તો બોરીંગ થઇ જઇશ. ’’

“બટ સર... સ્ટાફમાંથી કોઇ જોઇ જશે તો ?’’ તેણે આગળ લખ્યું : “ અને હું મારી બાવીસ વરસની લાઇફમાં મમ્મી - પપ્પા સિવાય કોઇ સાથે પિકચર જોવા નથી ગઇ.’’

“ડોન્ટ વરી ધેટ્‌સ ફાઈનલ : તું કાલે મારી સાથે આવે છે. હું તને શાર્પ બે વાગ્યે તારા ઘરના કોર્નર ઉપર લેવા આવીશ ઓ.કે. ? ’’ પૂનમથી નિઃશ્વાસ નખાઇ ગયો મજબૂરી કેવી હોય છે. તેને લખવું પડયું : “ જી સર.’’ અને બરાબર અઢી વાગ્યે અભિજીત આવીને તેડી ગયો. અંધારામાં અભિજીત એવી કોઇ ચેષ્ટા કે હરકત કરશે તો ? તે ડરી રહી હતી. આખરે પિકચર પૂરૂં થયું ને પૂનમને હાશ થઇ. અભિજીતે એક ક્ષણ તેનો હાથ પકડીને કહ્યું : “થેન્કસ ફોર ગીવ મિ યોર લવલી કંપની.’’ અને પછી હાથ છોડી દીધો. પૂનમ તેને જોઇ રહી. દિવસો પસાર થતા હતા ને એક દિવસ મોબાઇલમાં ‘ટિણીંગ’ કરતો મેસેજ પડયો. સહજ પણે પૂનમે મોબાઇલ હાથમાં લીધો, અને ?? પણ આ મેસેજ નહોતો પણ ધડાકો હતો. અભિજીતે લખ્યું હતું : “ એક રાત માટે તું... હોટલ હેવન, કાલે હું તારો ઈન્તઝાર કરીશ. રૂમ નં. ત્રણસો ત્રણ સમય રાત્રીના દસ. !!

“અંતે તું તારી ઔકાત પર ગયો ? સાલ્લા રાસ્કલ...’’ પૂનમને પ્રથમ ગુસ્સો આવ્યો પછી આંખ ચૂઈ પડી. દુનિયા કેવી નીચ છે ? આજે તેને ફરી એકવાર સમજાયું. સવારે ઓફિસ ખૂલતા વેંત જ તે ચેમ્બરમાં ધસી ગઇ. : અભિજીત મંદ મદ હસતો બેઠો હતો કે તેણે ચીસ નાખીને કહ્યું : “દરેક પુરૂષના મનમાં એક શેતાન વસે છે. મારી મજબૂરી હતી કે અત્યાર સુધી શાબ્દિક અડપલા મે સાંખી લીધા, મારા શરીર સામે નજર ફેરવતા હતા તે સાંખી લીધું. તમે મને પરાણે ગાડીમાં પડખે બેસાડીને મૂકવા આવતા હતા સાંખી લીધું, પિકચર જોવા પણ સાથે લઇ ગયા એ પણ સાંખી લીધું કારણ ? એ મજબૂરી હતી પણ છેલ્લે તમે તમારી ઔકાત બતાવી જ દીધી. મિ. અભિજીત તમારી સાથે હોટલમાં સૂવા આવી શકું એવી છોકરી હું નથી. પગાર તો આછોપાતળો ગમે ત્યાં મળી જશે પણ મારી ખોવાઇ ગયેલી ઈજ્જત મને નહીં મળે. હવે એવી મલ્ટીપર્પઝ છોકરી શોધજો જે તમારા દરેક ‘કામ’ માં તમને સાથે આપે.’’ ત્યાંને ત્યાં જ રાજીનામુ આપી ખુમારીપૂર્વક બહાર નીકળી ગઇ. ઘરે આવીને મા આગળ રોઇ પડી. માએ તેને પાંખમાં લઇ લીધી : “ તે જે કદમ ભર્યું એ એકદમ બરાબર છે દીકરી, રૂપિયાની નોટું તો કાગળની પસ્તી છે. આપણી સાચી દોલત આપણું શીલ છે. પણ તું ચિંતા ન કરીશ, ભગવાન બધો જ મેળ પાડી દેશે !! ’’ પણ પૂનમનું દર્દ ઓછુ થયું ન હતું. સાંજ પડી, ત્યાં જ દરવાજે ટકોરા થયા. પૂનમના મમ્મી હર્ષાબેને દરવાજો ખોલ્યો તો કોઇ સારા ઘરની ગૃહિણી જેવા પ્રૌઢ બહેન ઉભા હતા.

“ કવિતા.. અભિજીતની મમ્મી.’’ પણ દરવાજે ઊભેલા કોઇ પ્રૌઢા અને અભિજીતનું નામ સાંભળી પૂનમ દોડી આવી. કવિતાબેને તેને એક જ ક્ષણમાં માપી લીધી. અને તેના હોઠ ઉપર મંદ સ્મિત આવી ગયું. તેણે હસીને કહ્યું : “અંદર નહીં આવવા દો ?’’

“અરે, આવો.... આવોને...’’ હર્ષાબેન હટી ગયા કે પૂનમે મમ્મીના કાનમાં કશુંક કહ્યું. હર્ષાબેને હવે કવિતા તરફ ધારદાર નજરે તાકી રહ્યા કે કવિતાએ કહ્યું : “હું મારી એકલીની જ અંદર આવવાની રજા નથી માંગતી પણ મારો દીકરો પણ બહાર ઊભો છે.. ’’ પછી હર્ષાબેનના જવાબની આશા રાખ્યા વગર જ કહ્યું : “અભિ, અંદર આવતો રહે.’’ એ ભેળો જ અભિજીત અંદર આવ્યો અને પૂનમના તેવર ફરી ગયા. કવિતાએ હસીને બે હાથ જોડીને કહ્યું : “આ મારો દીકરો અભિજીત અને પૂનમનો સાહેબ, પણ હવે એ પૂનમનો સાહેબ બનીને નથી આવ્યો પણ, આપ જો ઈચ્છો તો પૂનમનો સાજન બનીને આવ્યો છે. હા, અત્યાર સુધી લગ્ન કરવા રાજી જ નહોતો. તેના દિલને તમારી દીકરીએ રાજી કરી દીધું છે. મીડલ કલાસમાંથી જ કોઇ સંસ્કારી છોકરીની શોધ કરતા મારા દીકરાની શોધ પૂનમ પાસે પૂરી થાય છે. અમારે કરિયાવર, જર-જવેરાત કે દાયજો નથી જોતા બસ, મારા દીકરાને તમારી દીકરી ગમી ગઇ એટલે પૂરૂં, હા, મારા દીકરાએ તેને ચકાસવા ચારેકોરથી તેની પરીક્ષા લીધી અને એમાં એ ફુલ્લીપાસ થઇ. હવે તમારી દીકરીનો પરીક્ષા લેવાનો વારો છે. એ મારા દીકરાને પાસ કરશે ? ’’

એનો જવાબ હર્ષાબેન તો શું આપે ? જવાબ તો પૂનમના મધઝરતા હોઠ અને તોફાની આંખો આપી રહી હતી !!! ■

# ભવોભવ હું તને તો નહીં જ ભૂલું... દામલ!



## રાખનાં રમકડાં

ધારાવાહી નવલકથા

અમૃત પરમાર

“એવા શરીરના સુખ વગર મારા શરીરની તડપન તપી તપીને રાખ થઈ ગઈ. પછી શરીરનું સાચું સુખ અને ઘડીએ ઘડીએ ચરમસુખની ખરી મજા માણી અને અનુભવી હોય તો મેં તારી પાસેથી મેળવી છે, માણી છે, અને અનુભવી પણ છે. એટલે તો ભવોભવ હું તને તો નહીં જ ભૂલું... દામલ! જો ને અત્યારે પણ આ તારા હાથને મેં મારી છાતી પર શું કામ રાખ્યા હશે ? બસ, માત્ર તારા પ્રેમ માટે જ, મેં તને અગાઉ કહ્યું તેમ મારૂં એક લક્ષ્ય, મારો એક ઉદ્દેશ અને મારામાં જે રાજ છુપાયેલું છે તે આજે હવે હું તને સાચે સાચું કહીશ. આજે આ ઘરમાં આપણાં બે સિવાય ત્રીજુ કોઇ નથી, બા... તો બે દિવસ પછી આવવાના છે અને હા, હું એકપણ વાત છૂપાવ્યા વગર બધું જ સાચું કહીશ. મારા પર પુરો વિશ્વાસ રાખજે...’’ જ્યોતિ આટલું બોલી અટકી.

ત્યારે... દામલનો ચહેરો તો ખૂબ ખૂબ રડવાથી કંઈક અલગ પ્રકારનો દેખાઈ રહ્યો હતો. એ ચહેરા પર જ્યોતિએ તેના બન્ને હાથ પ્રેમથી ધીરે ધીરે ફેરવ્યા અને પ્રેમથી દામલને પલંગ પર લાંબો થઈ જવા આજીજી કરી. એટલે ડૂસકાં શાંત થતાં દામલ હિંડોળા પરથી ઊભો થયો ને જ્યોતિના રૂમમાં પથારીમાં લાંબો થયો. સાચે જ દામલ અંદરથી તો સાવ પડી ભાંગ્યો હતો. એ તો તેના ભવિષ્યમાં ખોવાયો હતો કે જ્યાં ફક્ત અંધકાર જ દેખાતો હતો.

ત્યારે..., હવે જ્યોતિએ આડા થયેલા દામલના પેન્ટને....

હળવે હળવે, ધીમે ધીમે પેન્ટનું બટન અને ચેન ખોલી પછી ધીમેથી પેન્ટને સરકાવીને દૂર કર્યુ. એ જ રીતે શર્ટને પણ દૂર કર્યો. જ્યોતિ દ્વારા આવી બધી થઈ રહેલી ક્રિયાને દામલ તો માત્ર ટગર ટગર જોતો જ રહ્યો. જ્યોતિના નિખાલસ અને ભોળા દેખાતા ચહેરા પર કેવો નકાબ હશે... ? દામલ તો વિચારી વિચારીને થાકી ગયો. અનેક છોકરીઓના ચહેરા તેના સ્મૃતિપટ પર અંકાયા અને તરત જ ભૂંસાયા... આવું થતાં વળી તે કોઈ ગહન વિચારમાં વિચારી રહ્યો :

સ્ત્રીને સમજવી, ઓળખવી કે જાણવી એ તો અતિ મુશ્કેલ છે જ. જ્યોતિને કેવી અને કેટલી બધી ભોળી છોકરી માની હતી. અંત સુધી તે મેરિડ છે તેની રજમાત્ર ગંધ પણ તેણે આવવા દીધી ન હતી. અરે.., જમાનાના જાણતલ એવા બા... પણ તેને આજ દિન સુધી કયાં ઓળખી શક્યા છે ? વળી તેનું વર્તન પણ કેવું ? સાવ જ સાદુ અને સ્વભાવ તો સાવ નમ્રતાભર્યો. દેખાવે તો તે કેટલી બધી ભોળી ભાગે. તેને જોઈને બધા એમ જ સમજે કે આ... તો કુંવારી કળી છે પણ...

દામલના વિચારો અટકયા. તેની નજર હવે જ્યોતિ પર સ્થિર થઈ. જ્યોતિએ તેણે પહેરેલા કપડાં પણ હવે ધીમે ધીમે ઉતાર્યા. ને છેલ્લે છેલ્લે તો...તેના અંગ પર હવે માત્ર આંતરવસ્ત્રો જ શેષ રહ્યા હતા. વસ્ત્રો વગરની તેની દેહાકૃતિ જોઈને દામલને અત્યારે કંઈક થવા માંડયું.. તેના શ્વાસ વધ્યા. ત્યાં તો જ્યોતિ પલંગ પર આવી દામલને બથ ભરી એમ જ લાંબી થઈ ગઈ. પછી, દામલના હોઠ પર તેણે તેની નાજુક અને કોમળ લાંબી આંગળીઓના ટેરવાં મૃદુતાથી ફેરવવા શરૂ કર્યાં.

ગમતીલી એવી અને ફાટફાટ થતી જુવાન રૂપાળી મનભાવન છોકરીના મૃદુ સ્પર્શ માત્રથી પુરૂષ હંમેશા પાણી પાણી થઈ જ જાય. આ કંઈ નવું નથી. તેથી તો આવી પડેલા બધા દુઃખની ગહન ગર્તામાંથી બહાર નીકળી જઈ, દામલે જ્યોતિનો બીજો હાથ પકડીને એમ જ પૂછયું : “તું કુંવારી નથી પણ પરણેલી છે, ચાલ એ તો હું માની લઉં છું. પણ આ વાત મને અગાઉ કરી હોત તો, આ હદ સુધી આપણે પહોંચત જ નહીં. આવી વાત પહેલેથી તે મને કેમ ન કરી ? અને બીજી, બધી પરેણલી સ્ત્રીઓ હંમેશા તેના સેંથામાં સિંદુર તો અચૂક પૂરે જ છે. અને બીજું, પરણીત સ્ત્રી તેના ગળામાં મંગળસૂત્ર પણ પહેરે જ છે, તો તું તો...’’

દામલનું આવું કહેવું સાંભળી જોરદાર આંચકા સાથે જ્યોતિ ઝડપથી પથારીમાંથી બેઠી થઇ ગઈ. પછી તરત જ પલંગ નીચે ઊતરી થોડું ચાલીને ખીંટી પર લટકતું પેલું તેનું મોટું પર્સ લઇ પાછી આવીને પલંગ પર દામલ પાસે સામે જ બેસી ગઈ. પલંગ પર બેસતા જ તેણે પર્સ ખોલ્યું અને તેમાંથી એક ઝગારા મારતું મંગળસૂત્ર બહાર કાઢયું. એ મંગળસૂત્ર દામલના હાથમાં મૂકી બોલી :

“ જો, નીરખી નીરખીને જોઇ લે, આને સોને મઢેલું સાચું મંગળસૂત્ર કહેવાય, સમજ્યો ? આ મારૂં મંગળસૂત્ર છે... મારૂં ! પૂરા સાડાપાંચ તોલાનું છે. અને...’’ વળી પર્સમાંથી એક ચમકતી એવી અસલ ચાંદીની ડબ્બી બહાર કાઢીને એ પણ દામલના હાથમાં આપતા બોલી : “આ ચાંદીની નકોર ડબ્બી છે. સાચા સિંદૂરથી ભરેલી આ ડબ્બી કાયમ માટે મારા પર્સમાં હું રાખુ છું. મંગળસૂત્ર પણ સાથે જ હોય છે. અહીથી જ્યારે હું વિસાવદર જાઉં ત્યારે બસમાં જ મંગળસૂત્ર પહેરી લઉં અને સેંથામાં સિંદૂર પણ પુરૂં છું. હવે તારે વધુ કંઇ કહેવું છે ?’’

(ક્રમશઃ) ■

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઇન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

# ભારતીય પ્રદેશ પર ચીનના ગેરકાયદેસર કબજાને ક્યારેય સ્વીકાર્યો નથી : કેન્દ્ર સરકારની સ્પષ્ટતા

નવીદિલ્હી,તા.૨૨

ચીનની આક્રમકતા ઓછી થવાના કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. ફરી એકવાર ભારતીય ધરતી પર ચીનની ખરાબ નજરનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. સરકારે સંસદમાં જણાવ્યું હતું કે ભારત ચીન દ્વારા બે નવા ક્ષેત્રો પર સ્થાયી થવાથી વાકેફ છે. અમે અહીં ચીનના મેળાવડા પર પણ નજર રાખી રહ્યા છીએ. આ વિસ્તારોના કેટલાક ભાગો લદ્દાખમાં આવે છે, અને સરકારે રાજદ્વારી માધ્યમો દ્વારા ગંભીર વિરોધ નોંધાવ્યો છે. લોકસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં વિદેશ રાજ્યમંત્રી કીર્તિ વર્ધન સિંહે જણાવ્યું હતું કે, 'ભારત સરકારે ક્યારેય ભારતીય પ્રદેશ પર ચીનના ગેરકાયદેસર કબજાને સ્વીકાર્યો નથી.' નવા કાઉન્ટીની રચનાથી આ પ્રદેશ પર આપણી સાર્વભૌમત્વ અંગે ભારતના લાંબા સમયથી ચાલતા અને સુસંગત વલણ પર કોઈ અસર પડશે નહીં, ન તો તે ચીનના ગેરકાયદેસર અને બળજબરીથી કબજાને કાયદેસર બનાવશે. તેમણે કહ્યું કે સરકારે રાજદ્વારી માધ્યમો દ્વારા આ ઘટનાક્રમ પર ગંભીર વિરોધ નોંધાવ્યો છે. મંત્રાલયને પૂછવામાં આવ્યું હતું કે શું સરકાર લદ્દાખમાં ભારતીય ક્ષેત્રને સમાવીને હોતન પ્રીફેક્ચરમાં બે નવા કાઉન્ટીઓની સ્થાપનાથી વાકેફ છે, જો હા, તો આ મુદ્દાને ઉકેલવા માટે સરકાર દ્વારા કયા વ્યૂહાત્મક અને રાજદ્વારી પગલાં લેવામાં આવ્યા છે? આ પ્રશ્નમાં આ કાઉન્ટીઓની રચના સામે ભારત દ્વારા કરવામાં આવેલા વિરોધ પ્રદર્શનોની વિગતો પણ માંગવામાં આવી હતી. ચીની સરકાર તરફથી મળેલા પ્રતિભાવો, જો કોઈ હોય, તો તે વિશે પણ પૂછવામાં આવ્યું હતું. અક્સાઈ ચીન ક્ષેત્રમાં ચીનના વધતા વહીવટી અને માળખાગત વિકાસનો સામનો કરવા માટે સરકારે કોઈ લાંબા ગાળાની વ્યૂહરચના ઘડી છે કે કેમ તે પણ પૂછવામાં આવ્યું હતું.

# ગોધરાકાંડ બાદ રમખાણના ૬ આરોપીઓને નિર્દોષ જાહેર કરતી સુપ્રીમ કોર્ટ

નવીદિલ્હી,તા.૨૨



ગોધરાકાંડ પછીના રમખાણોના કેસમાં સુપ્રીમ કોર્ટે શુક્રવારે છ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા છે. સુપ્રીમ કોર્ટે પોતાનો ચુકાદો આપતાં કહ્યું હતું કે, કોઈ કેસમાં માત્ર સ્થળ પર હાજરી અથવા ત્યાંથી ધરપકડ એ સાબિત કરવા માટે પૂરતું નથી કે તેઓ ગેરકાયદે ભીડનો ભાગ હતા. જસ્ટિસ પી.એસ. નરસિમ્હા અને મનોજ મિશ્રાની બેન્ચે ગુજરાત હાઈકોર્ટના ૨૦૧૬ના ચુકાદાને ફગાવી દીધો હતો જેણે ૨૦૦૨ પછીના ગોધરા રમખાણોના કેસમાં છ લોકોને દોષિત જાહેર કર્યા હતા. ખંડપીઠે કહ્યું કે સ્થળ પર હાજરી અથવા ત્યાંથી ધરપકડ એ સાબિત કરવા માટે પૂરતું નથી કે તેઓ એક હજારથી વધુ લોકોની ગેરકાનૂની ભીડનો ભાગ હતા. મહત્વનું છે કે, ધીરુભાઈ ભાઈલાલભાઈ ચૌહાણ અને અન્ય પાંચ લોકોને વડોદ ગામમાં કબ્રસ્તાન અને મસ્જિદને ઘેરી લેવાના બનાવમાં એક વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી. તમામ અરજદાર આરોપીઓની સ્થળ પરથી ધરપકડ કરવામાં આવી હતી. નીચલી કોર્ટે તમામ ૧૯ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા હતા, પરંતુ હાઈકોર્ટે તેમાંથી ૬ને દોષિત ઠેરવ્યા હતા. કેસ પેન્ડિંગ હતો ત્યારે એક આરોપીનું મોત થયું હતું. એફઆઈઆરમાં અપીલકર્તાઓ સહિત ૭ લોકોના નામ છે.

# કર્ણાટક વિધાનસભામાંથી ભાજપના ૧૮ ધારાસભ્યોને ૬ મહિના માટે કરાયા સસ્પેન્ડ

બેંગ્લુરૂ,તા.૨૨



કર્ણાટક વિધાનસભામાંથી ભાજપના ૧૮ ધારાસભ્યોને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. વિધાનસભાના અધ્યક્ષ યુટી ખાદેરે 'હની ટ્રેપ' કેસના મુદ્દા પર હોબાળો મચાવવા અને ગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડવા બદલ ભાજપના ૧૮ ધારાસભ્યોને વિધાનસભામાંથી છ મહિના માટે સસ્પેન્ડ કર્યા હતા. કર્ણાટક સરકારના મંત્રી અને અન્ય રાજકારણીઓ સાથે સંકળાયેલા કથિત 'હની-ટ્રેપ' કેસમાં વિપક્ષી નેતાઓએ હાઈકોર્ટના વર્તમાન ન્યાયાધીશ દ્વારા ન્યાયિક તપાસની માંગ કરી હતી. શુક્રવારે ભાજપના ધારાસભ્યોએ ગૃહના વેલ સામે આવીને કાગળો ફાડીને હંગામો મચાવ્યો હતો. તે જ સમયે, વિધાનસભાની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડવા બદલ ભાજપના ૧૮ ધારાસભ્યોને છ મહિના માટે સસ્પેન્ડ કરવા માટે આજે એક બિલ પસાર કરવામાં આવ્યું છે.

# રેડીમેડના વ્યવસાયમાં જો બાંગ્લાદેશ આગળ વધી શકે છે, તો ભારત કેમ નહીં : મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ

લખનૌ,તા.૨૨

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે શનિવારે પ્રશ્ન કર્યો હતો કે આટલી મોટી વસ્તી હોવા છતાં ભારત રેડીમેડ કપડાની નિકાસમાં બાંગ્લાદેશથી કેમ પાછળ છે? તેઓ પીએમ મિત્ર યોજના હેઠળ ટેક્સટાઈલ પાર્કની સ્થાપના માટે અહીં આયોજિત રોકાણકારોના સંમેલનમાં બોલી રહ્યા હતા. આદિત્યનાથે કહ્યું કે જો ૧૬ કરોડની વસ્તી ધરાવતો બાંગ્લાદેશ રેડીમેડ ગાર્મેન્ટ નિકાસમાં આગળ વધી શકે છે, તો ૧૪૦ કરોડની વસ્તી ધરાવતો ભારત આવી સફળતા કેમ મેળવી શકતો નથી? રેડીમેડ ગાર્મેન્ટ ક્ષેત્રમાં રહેલી સંભાવનાઓનો ઉલ્લેખ કરતા, તેમણે ભારત માટે વૈશ્વિક સ્તરે માન્યતા પ્રાપ્ત ટેક્સટાઈલ બ્રાન્ડ બનાવવા પર ભાર મૂક્યો. તેમણે કહ્યું કે રેડીમેડ



ગાર્મેન્ટ્સમાં અપાર શક્યતાઓ રહેલી છે. યોગીએ ભારતના વિશાળ કાર્યબળને દિશા અને તક પૂરી પાડવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. તેમણે કહ્યું કે મોટી વસ્તીને કામની જરૂર છે, પરંતુ તેમને રસ્તો બતાવવા માટે કોઈ તો હોવું જોઈએ. તેમણે એક મુખ્ય ગ્રાહક બજાર તરીકે ઉત્તર પ્રદેશના મહત્વ પર પણ પ્રકાશ પાડ્યો. તેમણે કહ્યું કે ઉત્તર પ્રદેશ ફક્ત રાજ્યની અંદર જ નહીં પરંતુ નેપાળ, ભૂતાન, બિહાર, ઝારખંડ, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને ઉત્તરાખંડ જેવા પડોશી પ્રદેશોની પણ મોટી વસ્તીની જરૂરિયાતો પૂરી કરે છે.

# મરાઠી ભાષા મામલે કર્ણાટકના અનેક ભાગોમાં કન્નડ તરફી જૂથોએ રસ્તા પર વિરોધ પ્રદર્શન કર્યા

બેંગ્લુરૂ,તા.૨૨



ગયા મહિને કર્ણાટકના બેલાગવીમાં સરકારી બસ કંડક્ટર પર મરાઠી ભાષા ન આવડતી હોવાના આરોપસર થયેલા હુમલાના વિરોધમાં કન્નડ સમર્થક જૂથો દ્વારા શનિવારથી ૧૨ કલાકના રાજ્યવ્યાપી બંધનું એલાન આપવામાં આવ્યું હતું. આ દરમિયાન રાજ્યના અનેક ભાગોમાં કન્નડ તરફી જૂથોએ રસ્તા પર વિરોધ પ્રદર્શન કર્યા હતાં. તેમણે દુકાનદારોને આ મુદ્દા પર સહયોગ અને સમર્થન આપવા અપીલ કરી હતી જોકે કેટલીક દુકાનો ખુલી હતી અને કેટલીક દુકાનો બંધ રહી હતી. બેંગલુરુમાં, કાર્યકરો મૈસુર બેંક સ્ક્વેર પર એકઠા થયા અને હાથમાં પ્લેકાર્ડ પકડીને સૂત્રોચ્ચાર કર્યા હતાં. રાજ્યની રાજધાની બેંગલુરુમાં મેજેસ્ટિક ખાતે બીએમટીસી અને કેએસઆરટીસી બસ સ્ટેન્ડ પર કેટલાક કાર્યકરોએ વિરોધ પ્રદર્શન કર્યું હતું.

# ઈઝરાયલનો ગાઝાપટ્ટીમાં મોડી રાતે બેફામ બોમ્બમારો, ૮૫ પેલેસ્ટાઈનીઓના મોત

ગાઝા,તા.૨૨



ઈઝરાયલે ગાઝાપટ્ટીમાં ગઈકાલે મધરાતે અસામાન્ય બોમ્બ વર્ષા કરતાં ઓછામાં ઓછાં ૮૫ પેલેસ્ટાઈનીઓના મોત થયા છે. તેણે હમાસનાં લશ્કરી થાણાઓ ઉપરાંત અનેક ઘરો ઉપર પણ બોમ્બ અને મિસાઈલ વર્ષા કરતાં સમગ્ર ગાઝા શહેર અને ગાઝાપટ્ટીના વિસ્તારો ખંડેર બની ગયા છે. આ પૂર્વે ઈઝરાયલી સેનાએ પેલેસ્ટાઈનીઓને ઉત્તરમાં જતા મેઈન હાઈવેનો ઉપયોગ ન કરવા કડક ચેતવણી આપી હતી, અને કહ્યું હતું કે માત્ર દક્ષિણનો 'કોસ્ટલ રોડ' (સમુદ્ર તટનો માર્ગ) તમો વાપરી શકશો. વાત સીધી અને સાદી છે. ઉત્તરનો માર્ગ ભૂમધ્ય સમુદ્રના તટ પ્રદેશ પરથી પસાર થાય છે. તે વિસ્તાર અમેરિકા સહિત પશ્ચિમના દેશો માટે સિનાઈપેનિનસ્યુલામાં ઉતરવાનું ફૂટ બોર્ડ છે. તે હમાસનાં કબ્જામાં જાય તે ઈઝરાયલ કે અમેરિકા કે પશ્ચિમના દેશો ચલાવી લે જ નહીં. હમાસે મૂર્ખતા કરી ગત વર્ષે દક્ષિણ ઈઝરાયલમાં હુમલો કરી ૧૨૦૦ જેટલાની હત્યા કરી, ૨૫૦થી વધુને અપહૃત કર્યા. આથી ઈઝરાયલ 'વૈરાંધ' બન્યું છે.

# તાલિબાનના રાજમાં અફઘાનિસ્તાનમાં છોકરીઓને મુક્તપણે જીવવાનો અધિકાર છીનવાયો : યુનિસેફ

ઈસ્લામાબાદ,તા.૨૨



તાલિબાનના આદેશોને કારણે અફઘાનિસ્તાનમાં છોકરીઓનું જીવન લગભગ નર્ક જેવું બની ગયું છે. તેમને ઉચ્ચ શિક્ષણ મેળવવાની કે નોકરી કરવાની મંજૂરી નથી. તાલિબાનના આ પગલાંથી અફઘાનિસ્તાનની છોકરીઓનો મુક્તપણે જીવવાનો અધિકાર છીનવાઈ ગયો છે. આવી સ્થિતિમાં, સંયુક્ત રાષ્ટ્ર ચિલ્ડ્રન્સ ફંડ (યુનિસેફ) અત્યંત ચિંતિત છે. તેથી, યુનિસેફે અફઘાનિસ્તાનના તાલિબાન શાસકોને છોકરીઓના શિક્ષણ પરનો પ્રતિબંધ તાત્કાલિક હટાવવા વિનંતી કરી છે. ૨૦૨૧ માં તાલિબાન સત્તામાં આવ્યા પછી શિક્ષણના અધિકારથી વંચિત લાખો છોકરીઓના ભવિષ્યને બચાવવા માટે યુનિસેફે આ પહેલ કરી છે. યુનિસેફે આ અપીલ એવા સમયે કરી છે જ્યારે અફઘાનિસ્તાનમાં નવું શૈક્ષણિક વર્ષ શરૂ થઈ ગયું છે. એજન્સીએ જણાવ્યું હતું કે પ્રતિબંધને કારણે ૪૦૦,૦૦૦ વધુ છોકરીઓને શિક્ષણના અધિકારથી વંચિત રાખવામાં આવી હતી, જેના કારણે છઠ્ઠા ધોરણ પછી અભ્યાસ ન કરી શકતી છોકરીઓની કુલ સંખ્યા ૨૨ લાખ થઈ ગઈ હતી. અફઘાનિસ્તાન દુનિયાનો એકમાત્ર એવો દેશ છે જ્યાં છોકરીઓ માટે માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ પર પ્રતિબંધ છે. તાલિબાનના મતે આ પ્રતિબંધ વાજબી છે કારણ કે શિક્ષણ પ્રણાલી તેમના શરિયા અથવા ઈસ્લામિક કાયદાના અર્થઘટન અનુસાર નથી.

# ગોંડલમાં સામાજિક સૌહાર્દ અને શાંતિનું વાતાવરણ બની રહે તે જરૂરી : સાંસદ પરસોત્તમ રૂપાલા

રાજકોટ,તા.૨



ગોંડલ શહેર ખાતે ગત ૧૮મી માર્ચના રોજ પાટીદાર સમાજના સગીરને ધોકા વડે બેરહેમીથી માર મારવામાં આવ્યો હતો. સમગ્ર મામલે સગીરના પિતા દ્વારા ગોંડલ સિટી બી ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે મયુરસિંહ ઝાલા સહિત ત્રણ જેટલા શખ્સો સામે ફરિયાદ પણ નોંધાવવામાં આવી છે. આ ઘટનાને લઈને પાટીદાર સમાજમાં રોષ વ્યાપી ગયો છે. ત્યારે આ મામલે હવે પૂર્વ કેન્દ્રીય મંત્રી અને રાજકોટના સાંસદ પરસોત્તમભાઈ રૂપાલાનું નિવેદન સામે આવ્યું છે. મીડિયા સાથેની વાતચીતમાં રૂપાલાએ જણાવ્યું કે, 'આ મામલે અમારા આગેવાનો ગોંડલ ગયા હતા. આ ઘટનામાં કાયદો કાયદાનું કામ કરે તેવું મારું માનવું છે. ગોંડલ ખાતે સામાજિક સૌહાર્દ અને શાંતિનું વાતાવરણ બની રહે તે જરૂરી છે.' ખોડલધામ ટ્રસ્ટના પ્રવક્તા હસમુખ લુણાગરીયાએ જણાવ્યું કે, 'સગીર સાથે જે કંઈ પણ બન્યું છે તે ખૂબ જ દુઃખદ છે. નિર્દોષ ઉપર અમાનવીય કૃત્ય આચરવામાં આવ્યું છે.

# ધોરાજીમાં વિશ્વ ચકલી દિવસની ઉજવણી, ચકલીના માળાનું નિઃશુલ્ક વિતરણ

**યુથ હોસ્ટેલ ધોરાજી દ્વારા પર્યાવરણ જાગૃતિ માટે કાર્યક્રમનું આયોજન**

ધોરાજી, તા.૨૨

વિશ્વ ચકલી દિવસ નિમિત્તે, ધોરાજી યુથ હોસ્ટેલ દ્વારા કનેરિયા હાઈસ્કૂલમાં ચકલીના માળાના નિઃશુલ્ક વિતરણનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શહેરના પ્રતિષ્ઠિત તબીબો, ડો. મેહુલભાઈ સંઘાણી, ડો. જગદીશભાઈ બોસમીયા, ડો. અંટાળા અને પેથોલોજિસ્ટ પલ્લવીબેન પટેલ સહિત શહેરના અગ્રણી નાગરિકોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં પર્યાવરણ અને લુપ્ત થતી ચકલીઓ વિશે ચર્ચા કરવામાં આવી હતી. યુથ હોસ્ટેલના વિનુભાઈ ઉકાણી અને તેમની ટીમે શહેરીજનોને ચકલીના માળાનું વિનામૂલ્યે વિતરણ કર્યું હતું. યુથ હોસ્ટેલ ધોરાજીના ભુપતસિંહ ઝાલા અને તેમની ટીમ દર વર્ષે ચકલીના માળા અને પાણીના કુંડાનું વિતરણ કરે છે.

# કોડીનાર પંથકમાં ૨૯ અસામાજિક તત્વોના ઘરે પોલીસનું સર્ચ ઓપરેશન

કોડીનાર,તા.૨૨



તસ્વીર : કુલદીપ પાઠક

કોડીનાર વિસ્તારમાં તા.૨૨ના રોજ ૨ પીઆઈ, ૩ પીએસઆઈ, એલસીબી અને એસઓજી અને સ્થાનિક પોલીસ સાથે મળી કુલ ચાર ટીમો બનાવી કોડીનાર વિસ્તારના ૨૯ જેટલા ઈસમોને ત્યાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. જોકે ૨૯ ગુનેગારોના ઘરે પોલીસે પહોંચે તે પહેલાં જ મોટા ભાગના ગુનેગારો ઘર છોડીને ફરાર થયા હતા જ્યારે બે જગ્યા પરથી હથિયાર મળી આવતા પોલીસે હથિયારનો કબજો લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સાથે ૬ જેટલા વાહનો પણ ડીટેઈન કરાયા હતા.

# ઉના પંથકના મોઠા ગામે દબાણ હટાવતી વેળાએ જ આધેડે ઝેરી દવા ગટગટાવી

ઉના, તા.૨૨



ઉના પંથકના ગ્રામ્ય વિસ્તારોમાં સરકારી જમીનો પર વર્ષોથી દબાણો કરવામાં આવ્યા હતા. છેલ્લા બે દિવસથી તાલુકાના મોટા દબાણ દુર કરવાની કાર્યવાહી ચાલુ હતી. એ દરમિયાન ઊનાના મોઠા ગામે એક આધેડે ઝેરી દવા ગટગટવી લેતા ચકચાર મચી જવા પામી હતી. વહીવટી તંત્રની નજર સમક્ષ ઘટના બનતા તંત્રમાં પણ હડકંપ મચી ગયો હતો અને તાત્કાલિક દબાણ દુર કરવાની કામગીરીને અટકાવવા તંત્રએ મજબૂર બનવું પડ્યું હતું. આધેડને તાત્કાલીક સારવાર અર્થે સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

# ઉનામાં અસામાજિક તત્વોના ઘરે પોલીસે તપાસ શરૂ કરી

ઉના,તા.૨૨



તસ્વીર : કૈલાશ ભટ્ટ

ઉના પોલીસ સ્ટેશનમાં આવા ૨૮ જેટલા ઈસમોની યાદી તૈયાર કરવામાં આવી છે. આગામી દિવસોમાં રમજાન ઈદ તથા રામનવમીનો તહેવાર આવનાર હોય જે અનુસંધાને ઉના ટાઉન વિસ્તારમાંથી નીકળનાર રમજાન ઈદનું ઝુલુસ તેમજ રામનવમીની શોભાયાત્રા જે રૂટ ઉપર પસાર થનાર હોય તે વિસ્તારમાં ફ્લેગ માર્ચ કરવામાં આવેલ તેમજ ઉના પીઆઈ એમ.એન. રાણા તથા ઉના પોલીસ સ્ટાફ તથા પી.જી.વી.સી.એલ. સ્ટાફ સાથે પોલીસ દ્વારા ઉના શહેર વિસ્તારમાં અલગ અલગ જગ્યાએ કોમ્બીંગ કરી અસામાજીક પ્રવૃત્તિ કરતા ઈસમોના રહેણાક મકાનોએ કોમ્બીંગ કરી રહેણાકના દસ્તાવેજો તથા લાઈટ બિલો તથા નળ કનેકશન વિગેરેની તપાસ કરવામાં આવી હતી.


## -:: જાહેર નોટીસ ::-

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ દિપક વી. નાગ્રેચા, અમરેલીના આથી આ નોટીસ આપી જણાવીએ છીએ કે, અમારા અસીલ શ્રી મહેશકુમાર મગનલાલ ચાવડા, રહે, અમરેલીનાએ અમો પાસે મોજે અમરેલી ગામતળમાં, સ્ટેશન રોડ પર ટીકા નં.૨૧ નાં સર્વે નં.૪૧ પૈકીની જમીનમાં આવેલ ''અમૃત કોમ્પલેક્સ'' ની ફસ્ટ ફ્લોરની દુકાન નં-૬ કે જેનું ક્ષેત્રફળ ચો.મી ૧૦-૧૭ છે. સદરહુ મિલ્કતના મુળ માલીક મજુલાબેન જગજીવનદાસ વળીયા હતા તેમની પાસેથી જસવંતીબેન અમૃતલાલ સંઘરાજકા(શાહ)એ તા.૩૦/૧૦/૧૯૬૯ ના રોજ રજી વે.દ.નં.૭૮૧ થી ખરીદેલ હતી અને ત્યાર બાદ જસવંતીબેન અમૃતલાલ સંઘરાજકા(શાહ)ની પાસેથી તેના કુલમુખત્યાર જયંતીભાઈ બાબુભાઈ ઠુંમર દવારા અમારા ઉપરોકત અસીલશ્રીએ તા.૩૧/૦૩/૧૯૯૮ના રોજ રજી.વે.દ.નં.૭૭૧ થી ખરીદ કરેલ છે. તે મિલ્કતના ટાઈટલ કલીયર માટે માંગણી કરતા હોઈ તે રીતે સદરહુ મિલ્કતનો અગાઉનો વેચાણ વ્યવહાર ઉપરોક્ત કુલમુખત્યાર દરજજે થયેલ છે.

તો ઉપરોકત મિલ્કતમાં અન્ય કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે અર્ધ સરકારી સંસ્થાનું હીત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય, કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો, અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગ ભાગ, હકક-હિસ્સો હોય અથવા આ મિલ્કત અગાઉ કુલમુખત્યકરનામું આપનાર દવારા તેને અગાઉ રદ કરવામાં આવેલ હોય તો કુ.મુ. દવારા ઉપરોકત વેચાણ વ્યવહાર થયેલ હોઈને, જેથી નિયમ અનુસાર સદરહુ મિલ્કતનો ટાઈટલ કલીયર રીપોર્ટ આપતા પહેલા જાહેર જનતાને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે,

આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણ માં સદરહુ મિલ્કત અંગે કોઈને કઈ પણ હરકત, વાંધા તકરાર, હોય તો લેખીતમાં આધાર પુરાવા સાથે અમોના નીચે જણાવેલ સરનામે જણાવવુ, અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા(વેઈવ) કરેલ છે. તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ / એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કઈ પણ વાંધા તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી તેની જાહેર જનતા તેમજ લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

**તા.૨૨/૦૩/૨૦૨૫.**
**અમરેલી.**
**૧૧૭, ફસ્ટ ફ્લોર, નારણ આર્કેડ,**
**ભીડ ભંજન મહાદેવ મંદિર સામે,**
**લીલીયા રોડ, અમરેલી.**

**સહી**
**દિપક વી. નાગ્રેચા**
**એડવોકેટ અમરેલી.**

# રાજયમાં ચાર દિવસ પછી ગરમીમાં આંશિક ઘટાડો થવાની હવામાન વિભાગની આગાહી

**આગામી ૭ દિવસ રાજયમાં શુષ્ક વાતાવરણ રહેશે**

ગાંધીનગર,તા.૨૨



હવામાન વિભાગ દ્વારા આગામી ૭ દિવસને લઈને રાજ્યમાં હવામાનની આગાહી કરવામાં આવી છે. જે મુજબ રાજ્યમાં આગામી ૭ દિવસ શુષ્ક વાતાવરણ રહેશે. રાજ્યમાં આગામી ૪ દિવસમાં મહત્તમ તાપમાનમાં ૨થી ૩ ડિગ્રીનો વધારો જોવા મળશે અને ચાર દિવસ પછી મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો ઘટાડો જોવા મળશે. આગામી ૩ દિવસમાં લઘુત્તમ તાપમાનમાં કોઈ ફેરફાર જોવા નહીં મળે પરંતુ, ત્યારબાદ લઘુત્તમ તાપમાનમાં ઘટાડો જોવા મળશે. છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૭.૨ ડિગ્રી સેલ્સિયસ અને ગાંધીનગરમાં ૩૬.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. રાજ્યમાં રાજકોટ ખાતે મહત્તમ તાપમાન ૩૮.૩ ડિગ્રી સેલ્સિયસ જેટલું નોંધાયું છે. આગામી ૨૪ કલાકમાં અમદાવાદ અને તેની આસપાસના વિસ્તારોમાં મહત્તમ તાપમાન ૩૯ ડિગ્રી સેલ્સિયસ જેટલું નોંધાઈ શકે છે. આગામી ચાર દિવસ ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં ડિસ્કમ્ફર્ટ પરિસ્થિતિ જોવા મળશે. મહત્તમ તાપમાનમાં વધારો થતા સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના જિલ્લાઓમાં તેની વધુ અસર જોવા મળશે તેમજ ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં પણ તેની અસર જોવા મળશે.

# રાજય સરકારના મંત્રીમંડળનું ટૂંક સમયમાં કોંગ્રેસ યુક્ત વિસ્તરણ થવાની સંભાવના!

ગાંધીનગર,તા.૨૨



ગુજરાત વિધાનસભા સત્ર પૂર્ણ થયા પછી એપ્રિલના પહેલા જ અઠવાડિયામાં રાજ્ય સરકારના મંત્રીમંડળના વિસ્તરણની વાતોએ જોર પકડ્યું છે. જ્યારે અધિકૃત સૂત્રો દ્વારા પણ આ વાત પર મહોર મારવામાં આવી છે. ગુજરાત સરકારમાં હાલ મુખ્યમંત્રી સિવાય ૮ કેબિનેટ મંત્રીઓ છે અને ૮ રાજ્ય કક્ષાના મંત્રીઓ છે. જેમાં હવે વધારો થવાની પૂર્ણ શક્યતા સૂત્રો દ્વારા જણાવવામાં આવી છે. કેબિનેટ વિસ્તરણમાં કોંગ્રેસીઓને આપવામાં આવતા સ્થાનથી જુના ભાજપના નેતાઓ નારાજ છે. છતાં હાઈ કમાન્ડના આદેશ અને પૂર્વ કોંગ્રેસીઓને આપવામાં આવેલા વચન મુજબ ભાજપ તેમનો સમાવેશ મંત્રીમંડળમાં કરશે. પરંતુ આ મંત્રીમંડળ વિસ્તરણમાં હાલના મંત્રીમંડળમાં બેઠેલા ૪ પૂર્વ કોંગ્રેસી મંત્રીઓમાંથી ૨નું પત્તુ કાપીને ડૉ. સી.જે. ચાવડા અને અર્જુન મોઢવાડિયાનો મંત્રી મંડળમાં સમાવેશ કરવામાં આવશે. કેન્દ્રીય ગુપ્ત સૂત્રોના જણાવ્યા અનુસાર આ મંત્રીમંડળ વિસ્તરણ મુદ્દે ભાવિ મંત્રીઓને અણસાર પણ આપી દેવામાં આવ્યા છે. આ ઉપરાંત ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રમુખ તરીકેના નામમાં હાઈ કમાન્ડમાં ગૂંચવણ અને મૂંઝવણ ઊભી થઈ છે. જેમાં હજી સુધી ફાઈનલ નિર્ણય લેવામાં આવ્યો નથી.

# રાજકોટમાં અમદાવાદ રેલવે પોલીસ અને એસઓજીએ ડ્રગ્સની હેરાફેરી કરતા મહિલા અને સગીરને ઝડપ્યા

રાજકોટ,તા.૨૨

રાજકોટ રેલવે સ્ટેશન પરથી અમદાવાદ રેલવે પોલીસ અને એસઓજીએ જામનગરના ગોલ્ડન સિટીની બાજુમાં હાઉસિંગ સ્કીમ ક્વાર્ટર્સમાં રહેતી યાસ્મીન અનવરભાઈ સેતા અને એક સગીરની ૧૮.૮૯ લાખ રૂપિયાના મેફેડ્રોન ડ્રગ્સ સાથે ધરપકડ કરી ઊંડી તપાસ હાથ ધરી છે. માહિતીના આધારે, અમદાવાદ એસઓજી ટીમે રાજકોટ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૧ પર મુંબઈથી આવતી દુરંતો એક્સપ્રેસમાંથી ઉતરેલી યાસ્મીન નામની મહિલાને રોકી તેની તલાશી લેતાં તેની પાસેથી ડ્રગ્સ મળી આવ્યું હતું. ધાબળામાં ૧૯૮.૯ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ મળી આવ્યું હતું. તેની સાથે આવેલા સગીરને પણ કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો. બંને સામે રેલવે પોલીસમાં એનડીપીએસ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. એસઓજી દ્વારા પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું કે તેને આ સમયે પૈસાની જરૂર હતી. જામનગરમાં રહેતા અઝારુએ તેને મુંબઈથી ડ્રગ્સનું પાર્સલ લાવવા કહ્યું હતું.

# મોડાસાના માલપુરની નદીમાં નહાવા પડેલા કિશોરો ડૂબ્યા: ત્રણેયના મોત

મોડાસા,તા.૨૨



મોડાસાના માલપુરની વાત્રક નદીમાં ૨૨ માર્ચના રોજ જૂના પુલ પાસે નહાવા ગયેલા ત્રણ કિશોર ડૂબ્યા હતા. ઘટનાને પગલે સ્થાનિક તરવૈયાઓએ તાત્કાલિક દોડી જઈ તેમને બહાર કાઢ્યા હતા. જો કે, એકબીજાને બચાવવા જતાં ત્રણેય પાણીમાં ગરકાવ થતાં તેમના મોત નિપજ્યા હતા. ઘટનાને પગલે આસપાસના લોકો એકત્રિત થઈ ગયા હતા અને સમગ્ર મામલે પોલીસને જાણ કરી હતી. જેને લઈ પોલીસ પણ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. આ ત્રણેય કિશોરના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે માલપુર સી.એચ.સી સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યા હતા. ત્રણે કિશોર માલપુર કસબા વિસ્તારના હોવાનું જાણવા મળ્યું છે. કસબા વિસ્તારના રહેવાસી સાહબાઝ સિરાજ પઠાણ (ઉં.વ.૧૪), રોનક સમજુ ફકીર (ઉં.વ.૧૨) અને સુલતાન ઈમ્તિયાઝ દીવાન (ઉં.વ.૧૪) નદીમાં નહાવા ગયા હતા. નદીમાં ચીકણી માટી હોવાના કારણે એક કિશોર ડૂબવા લાગ્યો હતો. તેને બચાવવા જતાં અન્ય બે મિત્ર પણ પાણીમાં ગરકાવ થયા હતા.

# આંદોલનની અસર: રાજકોટ-જેતપુર રોડ ટોલટેક્સમાં ૨૫%નો ઘટાડો

રાજકોટ,તા.૨૨

રાજકોટ જેતપુર પર આવેલા ભરુડી અને પીઠડીયા ટોલ પ્લાઝાના ટોલટેક્સને લઈને સ્થાનિકો દ્વારા વારંવાર કરવામાં આવેલા આંદોલનોની મહેનત રંગ લાવી છે અને રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રવાસીઓને રાતોરાત મોટી રાહત મળી છે. રાજકોટ અને જેતપુર વચ્ચે આવેલા ટોલ પ્લાઝાના ટોલટેક્સમાં ૨૫ ટકા જેટલો ઘટાડો લાગુ કરવામાં આવતાં સૌરાષ્ટ્રના વાહન ચાલકોમાં ખુશીની લહેર જોવા મળી રહી છે. સરકાર દ્વારા નોટિફિકેશન બહાર પાડી તાત્કાલિક અસરથી તા.૨૧ માર્ચ ૨૦૨૫ થી રાજકોટ અને જેતપુર વચ્ચે આવેલા ભરુડી અને પીઠડીયા ટોલ પ્લાઝા પર ટોલની ફીમાં ૨૫ ટકા જેટલો ઘટાડો કરી દેવામાં આવ્યો છે. એટલે કે અગાઉ ફોર વ્હીલ માટે એક તરફી મુસાફરીના ભરૂડી અને પીઠડીયા ટોલ પ્લાઝા પર ૪૫ રૂપિયા વસૂલવામાં આવતા હતા, જેને ઘટાડીને હવે ૩૫ રૂપિયા કરી દેવામાં આવ્યા છે.






# અમેરિકામાં મહેસાણાના પિતા-પુત્રીની નિર્મમ હત્યા કરાતા ગુજરાતીઓમાં રોષ

મહેસાણા,તા.૨૨



અમેરિકામાં ભારતીયો પર હુમલાની ઘટનાનો સિલસિલો યથાવત જોવા મળી રહ્યો છે. ત્યારે અમેરિકાના વર્જિનિયામાં મહેસાણાના વતની પિતા-પુત્રીની હત્યા કરવામાં આવી છે. આ સનસનીખેજ ઘટના અમેરિકાના વર્જિનિયામાં બની છે. પ્રાપ્ત માહિતી અનુસાર અમેરિકાના વર્જિનિયાના એકોમેક કાઉન્ટીમાં ગુજરાતી પિતા-પુત્રીની હત્યા કરવામાં આવી છે. મૃતક મૂળ મહેસાણાના કનોડા ગામના પટેલ પરિવારના સભ્યો છે. તેઓ સ્ટોરમાં બેઠા હતા, તે સમયે એક અશ્વેત વ્યક્તિએ સ્ટોરમાં પ્રવેશ કરી ૫૬ વર્ષીય પ્રદિપકુમાર રતિલાલ પટેલ(પિતા) અને ૨૪ વર્ષીય ઉર્વિ પ્રદિપકુમાર પટેલ(પુત્રી)ની ગોળી મારી હત્યા કરી દેતાં ચકચાર મચી જવા પામી છે. ઘટનાની જાણ થતાં સ્થાનિક પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને હુમલાખોરની ધરપકડ કરી લીધી છે. આ ઘટનાને પગલે અમેરિકામાં વસતા ભારતીયો અને ગુજરાતી સમાજમાં શોકની સાથે ભયની લાગણી ફેલાઈ છે. જોકે હજુ હત્યાનું કારણ જાણી શકાયું નથી.




















